સુવિચાર

કળા એટલે પ્રત્યેક ચીજને, એટલે કે વિચારને, વાણીને, વર્તનને તેના યથાયોગ્ય સ્થાને મૂકવી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




કાલાવડના મોટા વડાળામાં વેચાતા દારૂ અંગે ફરીયાદ કરનાર ગ્રા.પં.ના સભ્ય પર હિચકારો હુમલો P-4


Year-16, Issue-45 ■ DATE : 30-05-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ગુજરાતમાં શહેરીકરણની સમસ્યા ત્રાસદાયક બની

## શહેરી વિકાસ આયોજન તથા પાણી-ટ્રાન્સપોર્ટેશન સહિતની સમસ્યાઓ અંગે એક ચોંકાવનારો રિપોર્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સુપ્રત કરવામાં આવ્યોઃ દર પાંચ વર્ષે ૩૦૦ ગામડાઓ 'શહેર' બની રહ્યા છે



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત એ દેશનું સમૃદ્ધ રાજય ગણાય છે અને હવે ગુજરાતમાં શહેરીકરણનો નવો યુગ શરૂ થયો છે. ખુદ રાજય સરકારે વિકસીત બનેલા વધુ નવ શહેરોને મહાનગરનો દરજજો આપ્યો છે અને ગ્રામીણ તથા શહેરી ક્ષેત્ર વચ્ચેનું અંતર ઘટતુ જાય છે. તે સમયે શહેરી વિકાસ આયોજન તથા પાણી-ટ્રાન્સપોર્ટેશન સહિતની સમસ્યાઓ અંગે એક ચોકાવનારો રિપોર્ટ હાલમાંજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત સમયે તેમને સુપ્રત કરવામાં આવ્યો છે.

તેમાં રાજયના વધતા શહેરીકરણ સાથે સર્જાતી સમસ્યાઓના ઉકેલ માટે બહું જલ્દી કંઈક કરવાની આવશ્યકતા દર્શાવી છે. ગુજરાત એ દેશનું સૌથી મોટું શહેરીકરણ ધરાવતું રાજય છે પણ તેના વિકાસ માટે જે આયોજન થવું જોઈએ તે થયુ નથી અને આડેધડ શહેરીકરણની સમસ્યાએ હવે વધવા લાગી છે.

ગુજરાત સરકારે જ શહેરીકરણ સાથે જોડાયેલા પ્રશ્નો અંગે એક ઉચ્ચ કક્ષાની કમીટી નિયુક્ત કરી હતી. જેણે પોતાનો રિપોર્ટ રાજય સરકારને સુપ્રત કર્યો હતો અને તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને પણ અપાયો છે.

આ રીપોર્ટમાં જણાવાયુ છે કે, ગુજરાતમાં દર પાંચ વર્ષ ૩૦૦ ગ્રામીણક્ષેત્રો 'શહેરો' બની રહ્યા છે અને ૨૦૩૬ સુધીમાં રાજયના ૫૫% ક્ષેત્રો 'શહેરો'માં ફેરવાઈ જશે પણ તેની સામે ફકત રાજયનો ૭% ક્ષેત્રજ શહેરીકરણના પ્લાનીંગ હેઠળ આવે છે અને રાજયભરમાં બિન આયોજીત કે કોઈ નિયંત્રણ વગર વિકાસ ઝડપથી થઈ રહ્યો છે જેનાથી છેક જીલ્લા સ્તર સુધીની શહેરીકરણની સમસ્યાઓ પહોંચી છે.

સૌપ્રથમ તો જળ સંબંધીત શહેરી આયોજન થવું જરૂરી છે. કુલ ૬ ક્ષેત્રો પર આ રિપોર્ટ કેન્દ્રીત થયો છછે. જેમાં પાણી ઉપરાંત પર્યાવરણ સંબંધીત આયોજન અને શહેરી જળસ્ત્રોતોની જાળવણી તથા તેને સલામત રાખવા એ સૌથી મોટો પડકાર બની ગયો છે. શહેરોમાં વધતી વસ્તી સાથે પાણીની માંગ વધી રહી છે તે સૌથી મોટો પડકાર છે.

આ કમીટીનું નેતૃત્વ નિવૃત આઈએએસ કેશવ વર્મા અને શહેરી વિકાસ વિભાગના એડીશ્નલ ચીફ સેક્રેટરી અશ્વિનીકુમાર જે આ કમીટીના નાયબ અધ્યક્ષ તરીકે કામગીરી બજાવી હતી તે ભલામણ કરી છે કે જાહેર અને ખાનગી તમામ જળાશયોને એક માન્ય જળબોર્ડ હેઠળ લાવવા જોઈએ પછી તે ભરાયેલા હોય કે ખાલી-સુકાયેલા હોય તેનો પણ સમાવેશ કરવો જોઈએ.

આ કમીટીના અન્ય સભ્યોમાં અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના સીઈઓ ડી.પી.દેસાઈ શહેરી આવાસ અને શહેરી વિકાસ વિભાગના સચીવ પી.કે.દતા, ચીફ ટાઉન પ્લાનીંગ ઓફીસર ડી.જે.જાડેજા, સુરત મહાનગરપાલિકાના કમિશ્નર શાલીની અગ્રવાલ તથા સેપ્ટના પ્રો.સાસ્વત બંદોપાધ્યાય અને પ્રો.સેજલ પટેલનો સમાવેશ થયો હતો.

કમીટીએ ગુજરાતના શહેરોના વિકાસ માટે રચનાત્મક અભિગમ અપનાવવા પર ભાર મુકયો હતો અને શહેરી ક્ષેત્રમાં ખાસ કરીને રીડેવલપમેન્ટમાં ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટની જોગવાઈ કરવાની ભલામણ કરી છે.

આ ઉપરાંત રાજયનો એક વિકાસ બ્લુપ્રીન્ટ- નકશો તૈયાર કરવાની આવશ્યકતા દર્શાવી છે. જેમાં જાહેર ટ્રાન્સપોર્ટ અને અસરકારક પાર્કીંગ મેનેજમેન્ટનો ખાસ સમાવેશ કરાયો છે. કમીટીએ નોંધ્યુ કે ૨૦૨૪માંજ રાજયમાં ૧૨ લાખ ટુ વ્હીલર સાથે ૧૮ લાખ વાહનો નોંધાયા છે. ૧૫ વર્ષ પુર્વે તે ૪૧૦૦૦ હતા. ફકત અમદાવાદમાંજ રોજની નવી ૧૦૦ કાર નોંધાય છે. જે ટ્રાફિક-પાર્કીંગ સહિતની સમસ્યાઓને અકરાવે છે.

શહેરમાં જાહેર ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા વધુ સારી બનાવવાની આવશ્યકતા દર્શાવી છે તથા ટ્રાફિક મેનેજમેન્ટ અંગે પણ નવા પ્રયાસો જરૂરી છે. વધુ જાહેર ટ્રાન્સપોર્ટ આકર્ષક વ્યવસ્થાની વ્યક્તિગત વાહનોને ઉપયોગ ઘટશે અને રાજયમાં હાલ ૨૦૦૦ સીટી બસ છે તે વધારીને ૯૦૦૦ કરવાની જરૂર છે.

# કડક સુરક્ષા સાથે અમરનાથ યાત્રા શરૂ થશે

## ગૃહ મંત્રાલયે CRPF ની ૫૦૦ થી વધુ કંપનીઓને તૈનાત કરવાનો નિર્ણય લીધો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરમાં અમરનાથ યાત્રા માટે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CRPF) ની ૫૮૦ કંપનીઓને તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. જેના માટે લગભગ ૪૨,૦૦૦ સૈનિકો તૈનાત કરવામાં આવશે. ગુરુવારે સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી.

CRPF ની ૪૨૪ કંપનીઓ કેન્દ્રશાસિત પ્રદેશમાં મોકલવામાં આવી રહી છે. તે જ સમયે, ઓપરેશન સિંદૂર દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં મોકલવામાં આવેલી ૮૦ કંપનીઓને પણ સ્થાનાંતરિત કરવામાં આવશે અને અમરનાથ યાત્રા રૂટ, યાત્રાળુઓ અને શ્રીનગર સહિત અન્ય વિસ્તારોની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવશે.

વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે ગૃહ મંત્રાલયે આ સુરક્ષા દળોને તાત્કાલિક કેન્દ્રશાસિત પ્રદેશ જવાનો નિર્દેશ આપ્યો છે. અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને ૯ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે.

પહેલગામ આતંકવાદી હુમલા પછી ઉભા થયેલા પડકારોને ધ્યાનમાં રાખીને અમરનાથ યાત્રા માટે સુરક્ષા તૈનાતી યોજના તૈયાર કરવામાં આવી રહી છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ગૃહ મંત્રાલયે CRPF ની ૫૦૦ થી વધુ કંપનીઓને તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. આમાં પહેલાથી જ અસ્તિત્વમાં રહેલી ૧૬૦ કંપનીઓનો પણ સમાવેશ થાય છે.

# બાળકોના પ્રવાસને લઈ સરકારે નવી ગાઈડલાઈન જાહેર કરી

### પોલીસ સ્ટેશનને જાણ કરવી ફરજીયાતઃ ૨ પોલીસકર્મી સાથે રહેશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વડોદરામાં શાળા તરફથી પ્રવાસ લઈ ગયેલાં અનેક બાળકો હરણી બોટકાંડમાં મોતને ભેટ્યાં હતાં. ત્યાબાદ સરકાર દ્વારા તમામ શાળાઓને બાળકોને પ્રવાસ લઈને નવી ગાઈડ લાઈન જાહેર કરી હતી. ત્યારે હવે રાજ્ય સરકારે શાળા પ્રવાસને લઈને મોટો નિર્ણય જાહેર કર્યો છે. જેમાં હવેથી શાળા પ્રવાસ દરમિયાન બે પોલીસ કર્મી સાથે રહેશે. જો આ પ્રવાસમાં વિદ્યાર્થીઓની હોઈ તો મહિલા પોલીસકર્મી સાથે રહેશે. આ ઉપરાંત શાળાએ લોકલ પોલીસ સ્ટેશનને પ્રવાસ અંગે જાણ કરવી પડશે.

વડાપ્રધાન મોદીએ DGP-IGP કોન્ફરન્સમાં કરેલા સૂચન પર અમલીકરણ કરવામાં આવશે. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી વિકાસ સહાય દ્વારા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના અગ્ર સચિવને એક પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં અન્વયે રાજ્યની તમામ (સરકારી/અર્ધસરકારી/પ્રાઈવેટ) શાળાના આચાર્યઓને સૂચના આપવામાં આવી છે.

જેમાં ઉલ્લેખ કર્યો છે કે હવે વિદ્યાર્થીઓ માટે આયોજીત થતી પ્રવાસ/ટુર/પિકનિક/મુલાકાત દરમિયાન ગણવેશધારી ૦૨ પોલીસ કર્મચારીને સાથે હાજર રાખવા, શાળાના આચાર્યઓએ ઉપરોક્ત કામગીરી માટે લોકલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો અને જો પ્રવાસ/ટુર/પિકનિક/મુલાકાત મહિલા વિદ્યાર્થીનીઓની હોય તો, મહિલા પોલીસકર્મીઓને સાથે રાખવા.

# ટ્રમ્પને રાહત આપતી કોર્ટઃ ટેરિફ પરનો સ્ટે દુર કરાયો

### ટેરિફ હટાવવાથી રાષ્ટ્રીય સુરક્ષાને નુકશાન થયાની દલીલનો સ્વીકાર

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાની એક ફેડરલ અપીલ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના મોટાભાગના ટેરિફને અસ્થાયી રૂપે પુનઃસ્થાપિત કર્યો છે. એક દિવસ પહેલા જ યુએસ ઈન્ટરનેશનલ ટ્રેડ કોર્ટે ટેરિફ પર રોક લગાવતા કહ્યું કે, પ્રમુખે પોતાની સત્તાધિકારથી ઉપરવટ જઈને આ નિર્ણયો લીધા છે.



જોકે, બાદમાં ફેડરલ કોર્ટે ટ્રમ્પ પ્રશાસન દ્વારા દાખલ કરવામાં આવેલા ઈમરજન્સી પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે, જેમાં તર્ક આપવામાં આવ્યો હતો કે, ટેરિફ હટાવવાથી દેશની રાષ્ટ્રીય સુરક્ષાને નુકસાન થશે.

ફેડરલ અપીલ કોર્ટે ટ્રેડ કોર્ટના નિર્ણયને અસ્થાયી રૂપે રોકવાની ટ્રમ્પ પ્રશાસનની વિનંતીને મંજૂરી આપતા એક સંક્ષિપ્ત આદેશ જારી કર્યો. જેમાં કહેવાયું કે, યુએસ ઈન્ટરનેશનલ ટ્રેડ કોર્ટના અગાઉના નિર્ણયો અને આદેશો હાલ સ્થગિત કરવામાં આવ્યા છે.

અપીલ કોર્ટે તેના નિર્ણયની તરફેણમાં કોઈ અભિપ્રાય કે વિગતવાર તર્ક નથી આપ્યો, પરંતુ ટ્રમ્પ પ્રશાસનને ૯ જૂન સુધીમાં જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે.

અપીલ કોર્ટના આ નિર્ણયથી ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈમરજન્સી પાવર લો હેઠળ લાદવામાં આવેલા ટેરિફને અસ્થાયી રૂપે પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. જો કે, આ મુદ્દા પર વધુ કાયદાકીય કાર્યવાહી હજુ પણ ફેડરલ અપીલ કોર્ટમાં પેન્ડિંગ છે.

# સૌથી મોટી જાહેર ક્ષેત્રની SBIએ ગત નાણાકીય વર્ષમાં કુલ ૨૩૫૪૨ કરોડની લોન માંડવાળ કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોનાકાળ બાદ બેન્કોના ખાસ કરીને અનસિકયોર્ડ ધિરાણ જેમાં કોઈ જામીનગીરી વગર જ ધિરાણ આપવામાં આવ્યું હોય તેમાં પાઘડીનો વળ હવે છેડે આવી રહ્યો છે અને ૨૦૨૪/૨૫ના વર્ષમાં બેન્કોએ આ અનસિકયોડ લોન માંડવાળ કરવામાં નવો રેકોર્ડ બનાવ્યો છે.




રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના રિપોર્ટ મુજબ કહે છે કે આ લોન માંડવાળ કરવામાં આવી તેમાં સરકારી અને ખાનગી બન્ને ક્ષેત્રોની બેન્કોનો સમાવેશ થાય છે અને જે લોન માંડવાળ થઈ તેમાં લઘુ ઉદ્યોગો, નાની કૃષીલોનનો સમાવેશ થાય છે. દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ ૨૦૨૪/૨૫ના નાણાકીય વર્ષમાં કુલ રૂા.૨૩૫૪૨ કરોડની લોન માંડવાળ કરી છે જે તેના અગાઉના વર્ષમાં રૂા.૧૭૬૪૫ કરોડ હતી.

આ જ રીતે ખાનગી ક્ષેત્રની સૌથી મોટી આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા રૂા.૯૨૭૧ કરોડની લોન માંડવાળ કરવામાં આવી છે. જે અગાઉના વર્ષે રૂા.૬૦.૯૧ કરોડ હતી તો એકસીસ બેન્ક દ્વારા રૂા.૧૧૮૬૩ કરોડની લોન માંડવાળ કરી છે. જે અગાઉના વર્ષમાં રૂા.૮૮૬૫ કરોડ હતી.

મધ્યમ કદની ખાનગી બેન્કોમાં આ પ્રકારે નાની રકમનું ધિરાણ માંડવાળ કરવાનું સૌથી ઉંચુ પ્રમાણ રહ્યું છે ત્યારે જાહેર ક્ષેત્રની બેન્કોની રીકવરી વધુ સારી રહી છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના ચેરમેન સી.એસ.શેટ્ટીનો દાવો છે કે આ લોન માંડવાળ સામે ૧૦૦% પ્રોવિઝન કરાયુ છે અને નાની રકમનું ધિરાણ જ માંડવાળ થયુ છે.

આ પ્રકારના ધિરાણ સતત નિયમન હેઠળ હોય છે તે રીકવરી ટીમને સુપ્રત થાય છે અને અમારા આ ધિરાણમાં નાની રકમના લઘુ ઉદ્યોગ અને કૃષી ધિરાણનો સમાવેશ થાય છે.

એકસીસ બેન્કના સીએફઓ પુનીત શર્માનો દાવો છે કે જે કંઈ થાય છે તે એક નિયમનાસાર અને પ્રક્રિયા મુજબ જ કરવામાં આવે છે અને આ સમયે જે રાઈટ ઓફ થયુ તે અનસિકયોર્ડ રીટેલ લોન છે.

દેશમાં બેડ બેન્ક જેવી એસેટસ રીકન્સ્ટ્રકશન બોડી ઉભી કરવામાં આવી છે. બેન્કોતેની જે વસુલાત ન થઈ શકે અથવા વધુ પ્રયાસો કરે તે ધિરાણ આ પ્રકારની બેડ બેન્કને વેચી નાખે છે અને બેડ બેન્ક તેની રીકવરી કરે છે અને દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં એકંદર ૨૦% જેવુ ધિરાણ માંડવાળ થયુ છે. જો કે કોવિડકાળ બાદ જે રીતે રીટેલ ધિરાણ વધ્યુ છે અને તે કોઈ જામીનગીરી વગરનું છે. તેમાં એનપીએ વધતા રીઝર્વ બેન્કે તમામ બેન્કો અને નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓને આ પ્રકારના ધિરાણ પર બ્રેક મારવા તાકીદ કરી હતી.

# પંજાબમાં ફટાકડાની ફેકટરીમાં જોરદાર વિસ્ફોટઃ ૪ લોકોના મોત

## ૨૭ કામદારો ગંભીર રીતે ઘાયલઃ વિસ્ફોટમાં ફેકટરીના બે માળ ક્ષણભરમાં કાટમાળમાં ફેરવાઈ ગયા

**મુખ્ય સમાચાર, મુકતસર**

પંજાબના મુક્તસરના લાંબી મતવિસ્તાર નજીક સિંઘેવાલા-ફતુ-હીવાલા ગામના ખેતરોમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં ગુરુવારે મોડી રાત્રે જોરદાર વિસ્ફોટ થયો હતો. જેમાં ચાર લોકોના મોત થયા હતા. જ્યારે પ્રારંભિક અહેવાલો આવી રહ્યા છે કે, લગભગ ૨૭ કામદારો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને ભટિંડા એઈમ્સમાં રિફર કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસ પ્રમાણે, આ વિસ્ફોટમાં ફેક્ટરીના બે માળ ક્ષણભરમાં કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. રાત્રે લગભગ ૧૨:૩૦ વાગ્યે ફેક્ટરીના ફટાકડાની ફેક્ટરીમાં ધડાકો થયો હતો.



મળતી માહિતી પ્રમાણે, ફેક્ટરીમાં ફટાકડા બનાવવાનું કામ ઉત્તર પ્રદેશના હાથરસના રહેવાસી કોન્ટ્રાક્ટર રાજ કુમાર હેઠળ હતું. ઘટના બાદથી કોન્ટ્રાક્ટર ફરાર છે. ઘટનાસ્થળે કારસર કંપનીના બોક્સમાં તૈયાર ફટાકડા પડ્યા હતા. કંપનીના ખાલી બોક્સ ભરેલા હરિયાણા નંબર પ્લેટવાળા એક નાનો હાથી પણ મળી આવ્યો છે. વિસ્ફોટનો જોરદાર અવાજ કેટલાક કિલોમીટર સુધી સંભળાયો હતો.

ફેક્ટરીના પેકિંગ યુનિટમાં કામ કરતા સ્થળાંતરિત કામદારોના જણાવ્યા અનુસાર, લગભગ ૪૦ કર્મચારીઓ ત્યાં બે શિફ્ટમાં કામ કરતા હતા, જેમાંથી કેટલાક તેમના પરિવારો સાથે રહેતા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે, મોટાભાગના કર્મચારીઓ ઉત્તર પ્રદેશ અને બિહારના હતા.

કારીગર અરુણ સકસેનાએ જણાવ્યું કે, તે મોડી રાત્રે ફેક્ટરીની સામે ખુલ્લા આકાશ નીચે સૂતો હતો. અચાનક એક વિસ્ફોટ થયો અને થોડી જ ક્ષણોમાં આખી ઈમારત પત્તાના ઘરની જેમ ધરાશાયી થઈ ગઈ અને મોટી સંખ્યામાં કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા.

માહિતી મળતાં જ એસએસપી ડો. અખિલ ચૌધરી, એસપી (ડી) મનમીત સિંહ, લામ્બીના ડીએસપી જસપાલ સિંહ અને કિલિયાંવાલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ કરમજીત કૌર ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ડેરા સચ્ચા સૌદા સિરસાના ગ્રીન એસ ફોર્સના કાર્યકરો ઘટનાસ્થળે રાહત કાર્યમાં રોકાયેલા છે અને હાઈડ્રો મશીનની મદદથી હુમલાનો કાટમાળ દૂર કરવામાં આવી રહ્યો છે.

લાંબીના રહેવાસી જસપાલ સિંહે જણાવ્યું કે, આ ફેક્ટરી સિંઘે વાલા-ફુટુહીવાલાના તરસેમ સિંહ નામના વ્યક્તિની છે, જે મંજૂર છે. તેમણે કહ્યું કે, શરૂઆતમાં ચાર લોકોના મોતના સમાચાર આવી રહ્યા છે. લગભગ ૨૭ લોકો ઘાયલ થયા છે.

# ૩૫૦૦ રૂપિયામાં સંવેદનશીલ માહિતી પહોંચાડતો CRPF નો ASI ઝડપાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પહેલગામ હુમલા બાદ દેશમાં પાક વતી કામ કરતા ગદ્દારોની શોધમાં રાજસ્થાનમાં એક સરકારી કર્મચારી જે અગાઉ કોંગ્રેસ શાસનમાં એક મંત્રીના પી.એ. તરીકે પણ રહી ચૂકયો હતો તે પણ સરહદી ક્ષેત્રમાં પાક. વતી જાસૂસી કરતા ઝડપાયા બાદ હવે કાશ્મીરમાં ફરજ બજાવી ગયેલો સીઆરપીએફનો અધિકારી પણ પાકના એક જાસૂસને સંવેદનશીલ માહિતી આપતો હતો.

તેના સંપર્કમાં પાકનો અધિકારી પોતાને પત્રકાર ગણાવીને આ સીઆરપીએફ એએસઆઈને વિશ્વ-ાસમાં લીધો હતો. આ અંગે મોતીરામ જાટ નામના એએસઆઈને ઝડપી લીધા છે તે છેક પહેલગામ હુમલા બાદ પણ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની કાશ્મીર યાત્રા અર્ધલશ્કરી દળોની મુવમેન્ટ તથા જે રીતે ૫૦ પ્રવાસન સ્થળો આ હુમલા બાદ બંધ કરાયા હતા.

તેના લોકેશન સહિતની માહિ-તી પાક અધિકારીને આપતો હતો અને તેના બદલે દર મહિને રૂા.૩૫૦૦ અને જો કોઈ માહિતી સંવેદનશીલ હોય તો તેમાં તે પ્રતિ માહિતી રૂા.૧૨૦૦૦ પણ વસુલતો હતો. હવે મોતીરામની અલગ અલગ જાસૂસી એજન્સીઓ પુછપરછ કરી રહી છે અને તેણે કેટલું 'ડેમેજ' કર્યુ છે તે પણ ચકાસાઈ રહ્યું છે.

આ એએસઆઈનો પ્રથમ સંપર્ક પોતાને ચંદીગઢ સ્થિત એક ચેનલની પત્રકાર ગણાવતી મહિલાએ કર્યા અને સામાન્ય માહિતી મેળવતી હતી અને આ અધિકારીને વિશ્વાસમાં લઈ લીધો બાદમાં પાકના જાસૂસની તેમાં એન્ટ્રી થઈ હતી.

તેણે પણ ખુદને પત્રકાર ગણાવીને પેઈડ માહિતી મેળવવાનું શરૂ કર્યુ હતું. બાદમાં તેણે મહત્વના દસ્તાવેજો જેમાં કાશ્મીરમાં સીઆરપીએફના દળોની ગોઠવણી વિ.ની હતી અને અમીત શાહના પ્રવાસની માહિતી પણ આપી હતી.

# ગુજરાતમાં ઈન્વેસ્ટરોની સંખ્યા એક કરોડના જાદુઈ આંકને વટાવી ગઈ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ભારતીય શેરબજાર મહિનાઓ સુધી મંદી ઉથલપાથલના દોર બાદ ફરી તેજીનાં મંડાણ થઈ ગયા છે અને ઈન્વેસ્ટરો પણ રસ લેવા માંડયા છે. ત્યારે ગુજરાતમાં ઈન્વેસ્ટરોની સંખ્યા એક કરોડના જાદુઈ આંકને વટાવી ગઈ છે. ગુજરાતે શેરબજારના ઈન્વેસ્ટમેન્ટમાં નવુ સિમાચિન્હ હાંસલ કર્યું છે.

છેલ્લા એક દાયકામાં ગુજરાતમાં ઈન્વેસ્ટરોની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે. નેશનલ સ્ટોક એકસચેંજના સતાવાર રીપોર્ટનાં ગુજરાતમાં ૩૦ એપ્રિલની સ્થિતિએ રજીસ્ટર્ડ ઈન્વેસ્ટરોની સંખ્યા ૯૯.૯ લાખ હતી ચાલુ મે મહિનામાં નવા રોકાણકારો ઉમેરાતા સંખ્યા વધીને એક કરોડના આંકને વટાવી ગઈ છે.

ગુજરાતના ભુતકાળ પર નજર કરવામાં આવે તો ૨૦૧૫ માં રાજયમાં ઈન્વેસ્ટરોની સંખ્વા માત્ર ૨૦ લાખની હતી અને ૨૦૨૦ સુધીમાં ૩૮ લાખ પર પહોંચી હતી જે હવે મે ૨૦૨૫ માં એક કરોડને વટાવી ગઈ છે.છેલ્લા પાંચ વર્ષમાં ૧૬૨ ટકાનો વધારો થયો છે.રીટેઈલ ઈન્વેસ્ટરોની શેરબજારમા ભાગીદારી અસામાન્ય રીતે વધી હોવાનું સુચવાય છે.

નેશનલ સ્ટોક એકસચેંજના રીપોર્ટ પ્રમાણે એપ્રિલ ૨૦૨૫ નાં અંતે ગુજરાતમાં ૯૯.૯૦ લાખ રજીસ્ટર્ડ ઈન્વેસ્ટરો હતા. ચાલુ માસમાં આ આંકડો એક કરોડને વટાવી ગયો હોવાનો અંદાજ છે. ગુજરાતીઓમાં ઈકવીટી કલ્ચર ઘણુ મજબુત છે અને ખાસ કરીને કોરોનાકાળ બાદ તેમાં મોટો વધારો થયો છે. યુવા વર્ગ ઉપરાંત મહિલાઓ પણ આકર્ષિત થઈ છે.

શેરબજારના વ્યવહારોનું ડીજીટલાઈઝેશન અને આઈપીઓ ભરવાનું સાવ સરળ થઈ જવાની સાથોસાથ સારા રિટર્ન સાથે જાગૃતિ વધતા ઈન્વેસ્ટરોનો પ્રવાહ વધ્યો છે. ગત એપ્રિલ મહિના પુર્વે માર્કેટમાં ઉથલપાથલ અને મંદી હતી છતા ગુજરાતમાં એપ્રિલ મહિનામાં નવા ૪૯૦૦૦ ઈન્વેસ્ટરોનો ઉમેરો થયો હતો.

મંદી-અસ્થિર માહોલને કારણે વૃધ્ધિદર ધીમો પડયો હતો. છતાં ચાલૂ મહિનામાં માર્કેટ ફરી તેજીનાં




માર્ગે ચડી ગયુ હોવાનાં કારણોસર રોકાણકારોની સંખ્યામાં વધારો થયો હોવાનું માનવામાં આવી રહ્યું છે. ફર્સ્ટ ટાઈમ ઈન્વેસ્ટરો ફરી દેખાવા લાગ્યા હોવાનું બ્રોકરોએ જણાવ્યું છે.

એક કરોડના જાદુઈ આંક સિદ્ધ થવા સાથે ઈન્વેસ્ટરોની સંખ્યામાં ગુજરાત દેશનું ત્રીજા નંબરનું રાજય બન્યુ છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૦૮૪ કરોડ રજીસ્ટર્ડ ઈન્વેસ્ટરો છે. ઉતર પ્રદેશમાં આ સંખ્યા ૧.૨૯ કરોડ છે. સમગ્ર ભારતમાં કુલ, ઈન્વેસ્ટરો ૧૧ કરોડ છે.

# જામનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત વોકાથોનનું આયોજન કરાયું






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, તે નિમિત્તે ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ ની થીમ "Ending Plastic Pollution Globally' ને કેન્દ્રમાં રાખી વિવિધ ઉજવણી કરવામાં આવી રહી છે.જેના ભાગરૂપે,તા.૦૫/૦૬/૨૦૨૫ સુધી જિલ્લામાં વિવિધ પર્યાવરણ લક્ષી કાર્યક્રમોનું પણ આયોજન હાથ ધરાયુ છે.જિલ્લા કલેકટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જામનગર દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫' ની ઉજવણી અને પ્લાસ્ટિક પ્રદુષણ વિશે નાગરિકોમાં જાગૃતિ લાવવા તેમજ તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવાની સાથે પર્યાવરણ જાગૃતિ માટે એક વિશેષ વોકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વોકાથોન અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન જામનગરથી શરૂ થઈ ટાઉનહોલ, તીન બત્તી ચોક, લીમડા લેન થઈને ફરીથી અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન, જામનગર ખાતે સંપન્ન થઈ હતી. કુલ ૧.૬૦ કી.મી.ની આ વોકાથોનમાં જિલ્લા પોલીસના જવાનો, હોમગાર્ડ્સ જવાનો, NCC કેડેટ્સ અને રમતગમતના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.અને પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો. આ વોકાથોન મારફત નાગરિકોને Single Use Plastic ની વસ્તુઓનો ઉપયોગ ટાળવા માટે પણ અપીલ કરવામાં આવી હતી.સાથે જ વોકાથોનમાં સામેલ તમામ લોકોને જિલ્લા રમત વિકાસ અધિકારી ભાવેશ રાવલીયા દ્વારા રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવા બાબતની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

# જયમીન ઠાકરે ઉતાર્યો પીજીવીસીએલનો 'પાવર'

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પીજીવીસીએલ તંત્રનો કડવો અનુભવ ખુદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને ભાજપના વોર્ડ નંબર ૨ના કોર્પોરેટર જયમીન ઠાકરને થયો છે. વોર્ડ નં.૨માં છેલ્લા ચાર દિવસથી રાત્રિના સમયે વીજળી ગૂલ થતી હોવાથી જયમીન ઠાકરે સ્થાનિકોને સાથે રાખીને PGVCLની પ્રદ્યુમનનગર (જામટાવર) કચેરીએ જનતા રેડ પાડી હતી. આ દરમિયાન અધિકારીઓનો ઉધડો લીધો હતો અને તેમના ઉદ્ધતાઈભર્યા વર્તન સામે પણ રોષ વ્યક્ત કર્યો હતો. તો હવે રાત્રિના લાઈટ ન જવી જોઈએ તેવી લેખિતમાં બાહેધરી પણ લીધી હતી.



પીજીવીસીએલ કચેરીને તાળા મારવા આવ્યા છીએ. છેલ્લા ચાર દિવસથી વોર્ડ નંબર ૨માં લાઈટ જાય છે. તમારી કોઈ જવાબદારી છે કે નહીં? તમારા ઘરના કનેક્શન કાપી નાખીશ. રાત્રે જ રિપેરિંગ કરો છો, તો દિવસે શું કરો છો. આધુનિક ભારતમાં રાજકોટમાં ચાર ચાર દિવસ લાઇટ જાય છે. તમારા બાપુજીની પેઢી સમજો છો બધા? અધિક્ષક ઈજનેર રાઠોડભાઈ તમારા ઘરનુ વીજ કનેક્શન હું કાપી નાખીશ. લોકોને જમવાનું હોય અને ખાડો ખોદવા નીકળો છો તમે. તમે ગુજરાત સરકારના કર્મચારી છો, તમારા બાપુજીની પેઢી નથી. ૨૫,૦૦૦ લોકોને તમે હેરાન કરો છો. તમારા ઘરની લાઈટ હું કાપી નાખીશ. તમારે FIR કરવી હોય તો છૂટ છે. રાજકોટમાં PGVCLને તાળા મારી જઈશ. છેલ્લા ૧૦ વર્ષથી આ વોર્ડનો ભારતીય જનતા પાર્ટીનું કોર્પોરેટર છું. હું આખું રાજકોટ સંભાળીને બેઠો છું અને તમે એક ફીડર સંભાળીને બેઠા છો. મને તમે અધિકારીઓ લેખિતમાં જવાબ આપો કે, આવતીકાલથી લાઈટ નહીં જાય.

આ મામલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, રાજકોટમાં મારા વોર્ડ નંબર ૨માં એરપોર્ટ રોડ ઉપર છેલ્લા ચાર દિવસથી રાત્રે ૧૨થી સવારે ૪ વાગ્યા સુધી લાઈટ જતી હતી. ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર તરીકે મારી એ ફરજ આવે છે કે, રાત્રે ૨:૦૦ વાગ્યે પણ અમારા વોર્ડના કોઈ વ્યક્તિ દ્વારા તેમની સમસ્યાને લઈને ફોન કરવામાં આવે તો અમારે હાજર થવાનું હોય છે. ઉનાળાના આકરી ગરમીમાં રાત્રે જ રિપેરિંગ કરવાનું અને તેમાં અડધો-એક કલાક લાઈટ જાય, અમુક વખત થોડીવાર લાઈટ આવે અને ફરી જતી રહે.

આ બાબતે PGVCLના કોલ સેન્ટરમાં ફોન કરવામાં આવે તો કોઈ ફોન ઉપાડતું નથી. પીજીવીસીએલના અધિકારીઓને પણ સૂચનાઓ આપી હતી, પરંતુ તેઓ સમજતાં નથી. જેથી મારા વોર્ડના પ્રતિનિધિ તરીકે હું અમારા વિસ્તારવાસીઓની સાથે રાત્રે ૧:૦૦ વાગ્યે PGVCLની ઝોન કચેરીએ આવ્યો છું. રાજકોટના એક્ઝિક્યુટિવ એન્જિનિયર પાસે લેખિતમાં લીધું છે કે, હવે હું લાઈટ જવા નહી દઉં.

# જામનગર મહાનગરપાલિકાની મળેલી સ્ટેન્ડીંગ કમિટીમાં ૧૯૦.૬૦ કરોડના ખર્ચને મંજૂરી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની મળેલી સ્ટેન્ડીંગ કમિટીમાં ૧૯૦ કરોડ ૬૦ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. મુખ્યત્વે તો શહેરના બે નવા ઓવરબ્રિજને મંજૂર કરવામાં આવ્યા તેમજ ઘરે ઘરેથી કચરો એકત્ર કરવાના ટેન્ડરને ફગાવી ફરીથી મંગાવવામાં આવ્યું છે.જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીમાં શહેરના જુદા જુદા વોર્ડમાં બોક્સ કેનાલ, સીવેજ ડ્રેનેજ લાઈન, સ્ટેન્થનીંગ એન્ડ અપગ્રેડેશનના કામો, ગાર્ડનના કામો, ઢીંચડા રીંગ રોડ પર આરોગ્ય કેન્દ્ર બનાવવા, ૧૧૮.૯૪ લાખ ભૂગર્ભ ગટરની સફાઈ માટેનો ખર્ચ. આ ઉપરાંત ઠેબા ચોકડી અને સમર્પણ સર્કલ પાસે ઓવરબ્રિજને મંજૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરમાં રખડતા કૂતરાઓનું ખસીકરણ કરવા ૪૦૯ લાખ મંજૂર કરવામાં આવ્યા હતા. સ્ટેન્ડીંગ કમિટીમાં ઘરે ઘરેથી જે કચરા કલેકશન માટેનું ટેન્ડર આવ્યું હતું તેને ફગાવી દઈ નવેસરથી ટેન્ડર મંજૂર કરવાનું કહેવામાં આવ્યું હતું. આ બેઠકમાં ૧૯૦ કરોડ ૬૦ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.

# રિક્ષાચાલકને સવા બે લાખમાં નવડાવનાર આકોલાની લૂંટેરી દુલ્હન ઝડપાઈઃ જેલહવાલે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડી વિસ્તારમાં રહેતા રિક્ષા ચાલક સાથે છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો હતો. મહારાષ્ટ્રના આકોલાની રોહિણી હિંગલે નામની મહિલાએ તેમની સાથે લગ્ન કરી રૂપિયા ૨.૩૦ લાખની ઠગાઈ કરી હતી.લગ્નના બીજા જ દિવસે રોહિણી પૈસા લઈને ફરાર થઈ ગઈ હતી. આ મામલે સીટી એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે તપાસ દરમિયાન બે વચેટિયાઓની ધરપકડ કરી હતી. જામનગરના યુનુસભાઈ મન્સૂરી અને કાલાવડના મુમતાજબેન



અજીતભાઈએ આ લગ્ન કરાવ્યા હતા. તેમની પાસેથી રૂપિયા ૩૦૦૦૦ ની રોકડ જપ્ત કરવામાં આવી છે.પી.આઈ. એન.એ. ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસે મુખ્ય આરોપી રોહિણીની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે તેણે અગાઉ પણ લગ્ન કર્યા છે. પૈસાની લાલચમાં તેણે રિક્ષા ચાલક સાથે છેતરપિંડી કરવાનું આયોજન કર્યું હતું.

આ કેસમાં રાજકોટની એક મહિલાની પણ સંડોવણી સામે આવી છે. તે દલાલ તરીકે કામ કરતી હતી. પોલીસે તપાસનો વ્યાપ રાજકોટ સુધી વધાર્યો છે. આરોપી રોહિણીને કોર્ટમાં રજૂ કરી જેલમાં મોકલી દેવામાં આવી છે.

# લાલપુર બાયપાસ પાસે અજાણ્યા વાહનની ઠોકરથી બાઈક પર જતું દંપતી થયું ખંડિત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના લાલપુર બાયપાસ પાસે એક બાઈકને અજાણ્યા વાહને ઠોકર મારતા બાઈક પર જઈ રહેલા દંપતી પૈકીના મહિલાનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ નિપજ્યું છે. મૃતકના પુત્રએ હિટ એન્ડ રનના આ બનાવની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.જામનગરના કાલાવડ નાકા બહાર આવેલા મોરકંડા રોડ પર જંગલીપીર વાડી વિસ્તારમાં વસવાટ કરતા જીવાભાઈ નકુમ નામના સતવારા પ્રૌઢ તથા તેમના પત્ની જયાબેન મંગળવારે ખંભાળિયામાં તેમના પરિવાર માં યોજાયેલા એક પ્રસંગમાં ભાગ લેવા માટે જીજે-૧૦-ડીકયુ ૧૫૭૫ નંબરના બાઈક પર ગયા હતા.પ્રસંગ પૂર્ણ થયા પછી આ દંપતી બાઈક પર જામનગર આવવા માટે નીકળ્યું હતું. તેઓ જ્યારે સવારે દસેક વાગ્યે જામનગર નજીક લાલપુર બાયપાસ પાસે પહોંચ્યા ત્યારે તેઓને કોઈ અજાણ્યા વાહને ઠોકર મારી દીધી હતી.

બાઈક પરથી ફંગોળાયેલા જીવાભાઈ તથા પાછળ બેસેલા તેમના પત્ની જયાબેનને માથા સહિતના શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થઈ હતી.આ વેળાએ ત્યાં હાજર કોઈ વ્યક્તિએ ૧૦૮ને જાણ કરતા એમ્બ્યુલન્સ દોડી આવી હતી. બંને ઈજાગ્રસ્તને સારવારમાં જી.જી. હોસ્પિટલ ખસેડાયા પછી જયાબેનનું મૃત્યુ નિપજ્યાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. જીવાભાઈને હાલમાં સારવાર આપવામાં આવી રહી છે. તેમના પુત્ર નવીનભાઈ નકુમે પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહનના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૧૧૬ કરોડના વિકાસ કામો મંજૂર.. મંજૂર.. મંજૂર...

## શાક માર્કેટોના થડાના સફાઇ ચાર્જ રૂ.૫૦૦ લેવાશેઃ શહેરમાં નવા બોર બનાવશે કોર્પો.: મણીયાર લાયબ્રેરીનું નવીનીકરણ થશેઃ ૭૬ દરખાસ્ત સ્ટે.કમીટી સમક્ષ મુકાઇ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં ૧૧૬.૩૧ કરોડના નવા શહેરના વિકાસ કામોને લીલીઝંડી અપાઇ હતી. આ સાથે રાજકોટ મનપાનું ૧.૪૫ કરોડની જુદી-જુદી આવક પણ થવા પામી હતી. આ જમ્બો સ્ટેન્ડીંગના એજન્ડા પર ૭૬ દરખાસ્તો મુકાઇ હતી. જેમાં તમામ દરખાસ્તો મંજૂર કરાઇ હતી.

ખાસ કરીને કોર્પો.ની જુદી જુદી શાક માર્કેટ અને ફલાવર માર્કેટના થડાના ભાડા ડબલ કરવા દરખાસ્ત આવી હતી પરંતુ ભાડા ડબલ કરવાની દરખાસ્ત મંજૂર કરાઇ ન હતી અને તે માસીક રૂ.૫૦૦ જેમની તેમ રખાઇ હતી. પરંતુ પહેલા જે સફાઇ ચાર્જ લેવામાં આવતો ન હતો તે હવે માસીક ૫૦૦ રૂપિયા લેવામાં આવશે. વધુમાં તમામ વોર્ડમાં જુદી જુદી જગ્યાએ બોર બનાવવા અને બોર રીચાર્જ સંસ્થા મારફત કરાવવા મહત્વની દરખાસ્ત રજૂ થઇ હતી જેને પણ મંજૂર કરવામાં આવી હતી.

આ દરખાસ્ત અંગે માહિતી આપતા ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે કોર્પો. દ્વારા રેઇન વોટર હાર્વેસ્ટીંગ માટે જનભાગીદારી યોજના હેઠળ નીતિ નિયમો બનાવવામાં આવ્યા છે. વોર્ડ નં.૧ થી ૧૮માં જુદી જુદી જગ્યાએ આવા બોર્ડ અને બોર રીચાર્જ સિસ્ટમ માટે ૧.૬ કરોડનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું.

માર્ગ-મકાન વિભાગની શરતો સાથેનું ટેન્ડર બીજી વખત પ્રસિધ્ધ કરાતા ગીર ગંગા પરિવાર ટ્રસ્ટે ભાવોભાવ અને રૌદ્રા ટેકનોકટ્રેસ કંપની દ્વારા ૩.૩૦ ટકા ઓનની ઓફર અપાઇ હતી. ટેન્ડર કમીટીમાં ગીર ગંગા ટ્રસ્ટના ભાવ માન્ય રહ્યા હતા અને જીએસટી સહિત ૧.૯૯ કરોડનું ખર્ચ મંજૂર કરી બોરના કામ શરૂ કરાવવા ભલામણ થઇ છે. આ કાર્ય મંજૂર થાય એટલે ચોમાસામાં જ બોરના કામ શરૂ થવા શકયતા છે.

આજની દરખાસ્તમાં રસ્તા કામ માટે ૨૦.૩૩ કરોડ, ડ્રેનેઝ માટે ૧૮.૮૪ કરોડ, પેવિંગ બ્લોક માટે ૪.૫૯ કરોડ, ડીઆઇ પાઇપલાઇન માટે ૨૯.૩૫ કરોડ, વોટર વર્કસ માટે ૧૭.૮૪ કરોડ, વાહન ખરીદી માટે ૬૧ લાખ, કલવર્ટ માટે ૨૧.૩૪ લાખ, નવી આંગણવાડી માટે ૪૧.૩૮ લાખ, બિલ્ડીંગ કામ માટે ૩.૧૭ કરોડ, તેમજ લાઇટીંગ માટે ૨૩.૯૧ લાખ મંજૂર કરાયા હતા. જયારે મનપાને રોયલ્ટી, સ્ક્રેપ વેંચાણ, ભાડુ તેમજ અન્ય આવક પેટે ૧.૪૫ કરોડ મળશે. આજની બેઠકમાં સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો તેમજ શાખા અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# મનપાના આરોગ્ય અધિકારીને ઘરે બેસાડી દેવામાં આવશે!

## મેયર, ડે.મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન સહિતના પાંચ સભ્યોની કમિટી રચાઇઃ મ્યુ. કમિશનરને દરખાસ્ત કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા કેટલાક સમયથી રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી જયેશ વંકાણી સામે વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. તાજેતરમાં જ કેટલાક નિર્ણયોમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા તેઓની સત્તાની પાંખ કાપી નાખવામાં આવી હતી.




પરંતુ હજુ મનપાના પદાધિકારીઓ તેમજ કોર્પોરેટરો દ્વારા આરોગ્ય અધિકારી કામ ન કરતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે જેને લઇ આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક બાદ મેયર નયનાબેન પેઢડીયાની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની નિમણુંક કરાઇ હતી જેમાં મેયર સિવાય ડે. મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન, શાસક પક્ષના નેતા તેમજ વિપક્ષી નેતા રહેશે. આ સભ્યો કમિશનરને દરખાસ્ત કરીને મનપાના આરોગ્ય અધિકારીને સસ્પેન્ડ નહીં પરંતુ ઘરે બેસાડી દેવાની દરખાસ્ત કરશે.

# જયખોડિયાર એન્વાયરો ટેકનોલોજીસ પ્રા.લી. કાળીપાટ CEPT ખાતે ગુજરાત પોલ્યુશન બોર્ડના અધિકારીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક પેડ માં કે નામ અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે. : ભુપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જનમાનસમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા વધે - લોકો પર્યાવરણ સુરક્ષાના કાર્યમાં સહભાગી બને તે હેતુથી ગ્રીન ઇંડિયા મિશન, નેશનલ ક્લીન એર પ્રોગ્રામ, મુખ્યમંત્રી વૃક્ષારોપણ પ્રોત્સાહન યોજના જેવા વિવિધ અભિયાન તથા યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે અને આદરણીય વડાપ્રધાન મોદી પણ એક પેડ માં કે નામ જેવા અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ અભિયાન ને સફળતા પૂર્વક જનમાનસ માં સાકાર કરેલ છે ત્યારે જય ખોડિયાર એન્વાયરો પ્રાઈવેટ લિમિટેડ કાળીપાટ(રાજકોટ) CETP ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા ની અધ્યક્ષતામાં અને CETP ના ડાયરેક્ટરો ભૂપતભાઇ



બોદર અને જગદીશભાઈ બોદર ના સઘન પ્રયાસો થી રાજકોટ ઈલેક્ટ્રોપ્લેટર્સ એન્ડ મેટલ ફિનિશર્સ એસોસિએશન ના હોદેદારો અને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ ના અધિકારીઓ ની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે વૃક્ષો નો જતનપૂર્વક ઉછેર અને સંવર્ધન કરવા માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક નો ઉપયોગ બંધ કરી ને કપડા ની થેલી નો ઉપયોગ કરવા માટે ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા પ્રતિજ્ઞા લઈ સંકલ્પ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે રાજકોટ ઈલેક્ટ્રોપ્લેટર્સ એન્ડ મેટલ ફિનિશર્સ એસોસિએશન ના હોદેદારો દ્વારા ભૂપતભાઈ બોદર ને ધન્યવાદ સહ અભિનંદન પાઠવ્યા હતા.

# મુંબઇ-અમદાવાદ વંદે ભારત ટ્રેનને રાજકોટ સુધી લંબાવવા માંગણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડીવીઝન ખાતે કેન્દ્રીય રેલ્વેના ઉચ્ચ અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં ડીઆરયુસીસીની યોજાયેલી મીટીંગમાં વાંકાનેરના રાજવી અને રાજયસભાના સાંસદ કેશરીદેવસિંહજી ઝાલા તથા જૈન શ્રેષ્ઠી અને કેન્દ્રના રેલ્વે કમીટી મેમ્બર પ્રદીપભાઇએ ઉપસ્થિત રહી યાત્રીકોની સુવિધા વધારવા વાંકાનેર જંકશન પરની સુવિધા બાબતે રજુઆત કરી હતી. જેમાં પ્લેટફોર્મ નં.૩ ઉપર લીફટની સુવિધા શરૂ કરવાની રજુઆત સાથે જ કામ શરૂ કરવામાં આવેલ કામ પૂર્ણ થયે તુરંત કાર્યરત થઇ જશે આ ઉપરાંત વાંકાનેર જંકશન પર વેઇંગ રૂમ માટે પ્રદીપભાઇ મહેતા દ્વારા રજુઆત કરવામાં આવેલ જે ટુંક સમયમાં અમલ થઇ જશે તેવી ખાતરી આપેલ હતી.

# સોમનાથ જ્યોતિર્લિંગના અંશોની પુનઃ સ્થાપના કરવાના શ્રી શ્રી રવિશંકરના દાવાથી વિવાદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોમનાથ મંદિરના ૧૦૦૦ વર્ષ પહેલા તોડી પડાયેલા શિવલિંગના અંશ પોતાની પાસે હોવાનો શ્રી શ્રી રવિશંકરે દાવો કર્યા બાદ ધાર્મિક વિવાદ ઉઠયો છે. સંતો-સાધુઓએ સોમનાથ મંદિરમાં પુનઃ શિવલિંગ સ્થાપિત કરવા તેમના વિચાર સામે સામુહિક વિરોધ નોંધાવ્યો છે.

આર્ટ ઓફ લિવિંગના ફાઉન્ડર શ્રી શ્રી રવિશંકરે થોડાં દિવસો પહેલાં તેમની પાસે ૧ હજાર વર્ષ પહેલાં મહમદ ગઝનવીએ તોડેલા સોમનાથ જ્યોતિર્લિંગના ચાર અંશ હોવાનો દાવો કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું.શિવલિંગના આ અંશો હાલમાં યોજાયેલા મહાકુંભ પહેલાં જ પ્રાપ્ત થયાનું તેમણે જણાવ્યું હતું. તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે ૪માંથી ૨ અંશની ગુજરાતના સોમનાથ મંદિરમાં પુનઃ સ્થાપના કરવામાં આવશે.

શ્રી શ્રી રવિશંકર ત્યાર બાદથી દેશના અલગ અલગ ભાગોમાં ધાર્મિક કાર્યક્રમો યોજી લોકોને આ શિવલિંગના અંશના દર્શન કરાવી રહ્યા છે. દરમ્યાન જ્યોતિષ પીઠના શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું, અત્યાર સુધી શ્રી શ્રી રવિશંકરે આ વાત કેમ ન કરી? તો દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી



સદાનંદ સરસ્વતીએ કહ્યું, જ્યોતિર્લિંગ સ્વયંભૂ હોય છે અને તેની પુનઃ પ્રતિષ્ઠાની જરૂર હોતી નથી.

જ્યારે હરિગીરી મહારાજે કહ્યું, જ્યોતનું ક્યારેય ખંડન ન થઇ શકે. એટલે પુનઃ સ્થાપના કરવાનો સવાલ જ આવતો નથી. તો શિવ ઉપાસક નિજાનંદ સ્વામીએ કહ્યું કે સોમનાથ શિવલિંગના ૧૦૦૦ વર્ષ પહેલાંના ટુકડા કોઇ પાસે હોય એ શક્ય નથી. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પી.કે.લહેરીએ કહ્યું કે જે અંશો છે તે મૂળ શિવલિંગના છે કે નહીં તેનો કોઇ પુરાવો નથી. પહેલાંના શિવલિંગના અંશો હવે કાલબાહ્ય (સમય બહાર) થઇ ચૂક્યા છે તેમણે આગળ કહ્યું,'જો શિવલિંગના અંશ તમારી પાસે હોય તો જે અત્યારે સ્થાપિત છે એ પૂરું શિવલિંગ તો ન જ કહેવાય ને. ત્યાં તો રોજ પૂજા થાય છે.

એનો અર્થ એ થયો કે અધૂરા શિવલિંગની પૂજા થાય છે. તો આ કેવી રીતે થઇ શકે? 'જો તમે કહો છો કે આ તો એ પહેલાંના શિવલિંગના અંશ છે. હવે તો નવું શિવલિંગ સ્થાપિત કરી દેવામાં આવ્યું છે. એટલે પહેલાંના શિવલિંગના અંશો હવે કાલબાહ્ય (સમય બહાર) થઇ ચૂક્યા છે. હવે તેનું કોઇ તાત્પર્ય નથી.' શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરા નંદ સરસ્વતીએ વધુમાં કહ્યું, 'હવે જે શિવલિંગ ત્યાં જ્યોતિર્લિંગના રૂપમાં સ્થાપિત છે તે જ્યોતિર્લિંગ છે. તેની જ પૂજા થશે. અન્ય કોઇની પૂજા એ શ્રદ્ધામાં ક્ષતિ પહોંચાડવાનું કામ છે. આ શ્રદ્ધાનું વિભાજન છે. નવા અંશો બીજી જગ્યાએ સ્થાપિત થશે તો કેટલાક લોકો ત્યાં પણ સોમનાથ માનીને પૂજા કરવા લાગશે. તો તમે (શ્રી શ્રી રવિશંકર) આપણી કેન્દ્રીયભૂત શ્રદ્ધાને વિખંડિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છો.

એટલે આનો કોઇ મતલબ નથી. શાસ્ત્રોમાં આનો કોઇ ઉલ્લેખ જ નથી. જ્યોતિર્લિંગ તો સ્વયં પ્રગટ થાય છે. તેની સ્થાપના તો થતી નથી પણ આપણને તે દેખાતું નથી એટલે આપણી સુવિધા માટે પ્રતીક રૂપે કોઇ શિવલિંગની સ્થાપના કરીને પૂજા કરીએ છીએ. સોમનાથમાં એક શિવલિંગ સ્થાપિત છે. તેની પૂજા થઇ રહી છે. એટલે સોમનાથના જ્યોતિર્લિંગની પૂજા સ્પષ્ટ છે. તેમાં હવે નવી વાત જોડવાની ક્યાં જરૂર છે?'

# ૫૦૦ રૂપિયાની નકલી નોટોમાં ૩૭.૩૫ ટકાનો વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બેંકિંગ સિસ્ટમમાં શોધાયેલ ૫૦૦ રૂપિયાની નકલી નોટો (નોટબંધી કરાયેલ નોટો સિવાય) ની સંખ્યામાં પાછલા નાણાકીય વર્ષની સરખામણીમાં ૩૭.૩૫ ટકાનો વધારો થયો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, ૨૦૨૩-૨૪માં ૫૦૦ રૂપિયાની ૮૫,૭૧૧ નકલી નોટો મળી આવી હતી, પરંતુ પાછલા નાણાકીય વર્ષમાં આ સંખ્યા વધીને ૧,૧૭,૭૨૨ થઈ ગઈ. રિઝર્વ બેંકના વાર્ષિક અહેવાલ મુજબ, આ ૨૦૧૯-૨૦ પછીનો સૌથી વધુ આંકડો છે.

રસપ્રદ વાત એ છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં નકલી નોટોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. ગયા નાણાકીય વર્ષમાં કુલ ૨,૧૭,૩૯૬ નકલી નોટો પકડાઈ હતી, જ્યારે ૨૦૨૩-૨૪માં ૨,૨૨,૬૩૮ નકલી નોટો પકડાઈ હતી. ૨૦૦ રૂપિયાના મૂલ્યની નકલી નોટોની સંખ્યા ૧૩.૯ ટકા વધીને ૩૨,૬૦૦ થઈ હોવા છતાં, ૧૦૦ રૂપિયાની માત્ર ૫૧,૦૬૦ નકલી નોટો જ પકડાઈ હતી, જે ૨૦૨૩-૨૪ કરતા ૨૩ ટકા ઓછી છે.

નાણાકીય વર્ષમાં ૨,૦૦૦ રૂપિયાની ૩,૫૦૮ નકલી નોટો પકડાઈ હતી, જ્યારે ૨૦૨૩-૨૪માં આવી ૨૬,૦૩૫ નોટો પકડાઈ હતી. તે વર્ષે ૨,૦૦૦ રૂપિયાની નોટો બંધ કરવામાં આવી ત્યારથી નકલી નોટોનું પ્રમાણ વધ્યું હતું.

રિઝર્વ બેંકે ૧૯ મે, ૨૦૨૩ ના રોજ ૨૦૦૦ રૂપિયાની નોટને બંધ કરવાનો નિર્ણય લીધો હતો. તે દિવસે આ નોટોનું કુલ મૂલ્ય ૩.૫૬ લાખ કરોડ રૂપિયા હતું, જે ૩૦ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ઘટીને ૬,૨૬૬ કરોડ રૂપિયા થઈ ગયું. રિઝર્વ બેંકે પ્રેસ રિલીઝમાં જણાવ્યું છે કે ૧૯ મે, ૨૦૨૩ ના રોજ, ચલણમાં રહેલી ૨૦૦૦ રૂપિયાની નોટોમાંથી ૯૮.૨૪ ટકા પરત આવી ગઈ છે.

# સર્વેશ્વર ચોક વોંકળા અને ગવલીવાડ વોંકળાની ચાલુ કામગીરીનું નિરીક્ષણ કરતા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા

## આગામી સમયમાં ચોમાસાને ધ્યાનમાં રાખીને યાજ્ઞિક રોડ પરનો બોક્ષ કલ્વર્ટનો સ્લેબ તથા અન્ય આનુસાંગિક કામગીરી ઝડપી પૂર્ણ કરવા સંબંધિત અધિકારીને સુચના





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી સમયમાં ચોમાસાને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલુ કામગીરીને ઝડપી અને સમયમર્યાદામાં પૂર્ણ કરવાના આશય સાથે આજે તા.૨૯-૦૫-૨૦૨૫ના રોજ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ યાજ્ઞિક રોડ, સર્વેશ્વર ચોક ખાતે જુના વોંકળાને દુર કરી નવા વોંકળા બનાવાવની કામગીરી અને ગવલીવાડ વોંકળામાં જુનું કલ્વર્ટ દુર કરી નવું કલ્વર્ટ બનાવવાની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોક ખાતે રૂ.૬.૬૦ કરોડના ખર્ચે વોંકળાને રીનોવેટ કરવાની કામગીરી ચાલી રહી છે જેમાં ૮૦ મીટર લંબાઈની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે અને બાકી રહેતી ૩૦ મીટર લંબાઈની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા એજન્સીના પ્રતિનિધિને સુચના આપી હતી. આગામી સમયમાં ચોમાસાને ધ્યાનમાં રાખીને યાજ્ઞિક રોડ પરનો બોક્ષ કલ્વર્ટનો રાપ્ટ સ્લેબ તથા અન્ય આનુસાંગિક કામગીરી ઝડપી પૂર્ણ કરવા સંબંધિત અધિકારીને સુચના આપી હતી. ગવલીવાડ વોંકળા ખાતે રૂ.૪૦ લાખના ખર્ચે વોંકળા પરનું જુનું ઝર્ઝરિત સ્લેબ કલ્વર્ટ દુર કરી નવું સ્લેબ કલ્વર્ટ બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેમાં હાલ જુનું કલ્વર્ટ દુર કરવામાં આવેલ છે અને તેનો રબીશ ઉપાડવાની કામગીરી ચાલી રહી છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની ફીલ્ડ વિઝિટમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, સિટી એન્જી. અતુલ રાવલ, ડી.ઈ.ઈ. એમ.બી.ગાવિત અને એજન્સીના પ્રતિનિધિ હાજર રહ્યા હતા.

# ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ઈસ્ટ ઝોન કચેરી હેઠળ વોર્ડ નં.૪માં અન-અધિકૃત બાંધકામ દૂર કરવામાં આવ્યું



### અન-અધિકૃત વાણિજ્ય હેતુથી દુકાન નંગ-૩નું બાંધકામ દુર કરવામાં આવેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મ્યુનીસીપલ કમિશનર તુષાર સુમેરા તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાનીના માર્ગદર્શન તથા સીટી એન્જીનીયર, એમ.આર. શ્રીવાસ્તવના નિર્દેશન હેઠળ તા.૨૯/૦૫/૨૦૨૫નાં રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ઝોનમાં આવેલ વોર્ડ નં.૪ માં આવેલ રાધા-મીરાં મેઈન રોડ, સેટેલાઇટ ચોક, મોરબી રોડ પર નીચે ટેબલમાં દર્શાવ્યા મુજબનું અન-અધિકૃત બાંધકામ દુર કરવામાટે ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ડિમોલીશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. વોર્ડ નં.૪માં આવેલ રાધા-મીરાં મેઈન રોડ, સેટેલાઇટ ચોક, મોરબી રોડ પર આસામી દ્વારા કરવામાં આવેલ અન-અધિકૃત વાણિજ્ય હેતુનું બાંધકામ દુર કરેલ. દુકાન નંગ-૨ (સુપર માર્કેટ)

આ ડિમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા પુર્વ ઝોનના તમામ સ્ટાફ તથા રોશની શાખા, દબાણ હટાવ શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ફાયર અને ઈમરજન્સી વિભાગ, બાંધકામ શાખા તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે સુરક્ષા વિભાગનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

# 'પ્લાસ્ટિક મુક્તિ'ના સંદેશ સાથે યોજાયેલી વોકાથોનને જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ પ્રસ્થાન કરાવ્યું

### એથ્લેટિક્સના ખેલાડીઓ, કોચિસ મોટી સંખ્યામાં જોડાયા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં 'પ્લાસ્ટિક મુક્તિ'ના સંદેશ સાથે યોજાયેલી વોકાથોનને જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ રેસકોર્સ એથ્લેટિક્સ ગ્રાઉન્ડ ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું. આ વોકાથોનમાં એથ્લેટિક્સના ખેલાડીઓ, કોચ મોટી સંખ્યામાં જોડાયા હતા અને પ્લાસ્ટિકમુક્ત જીવનશૈલી સાથે પ્રકૃતિના જતનનો સંદેશ આપ્યો હતો.

ભારત સરકાર દ્વારા આ વર્ષે 'વિશ્વમાંથી પ્લાસ્ટિક પ્રદૂષણના અંત'ની થીમ સાથે 'પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરાયું છે. જે અન્વયે હાલ 'પ્લાસ્ટિક પ્રદૂષણ'ને દૂર કરવા પ્રિ-કેમ્પેઈન ચાલી રહ્યા છે. જે અંતર્ગત આજે રાજકોટ જિલ્લામાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે આજે સવારે વોકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વોકાથોનને પ્રારંભ કરાવતા જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીએ કહ્યું હતું કે, પ્લાસ્ટિક એક વખત બન્યા પછી વર્ષો સુધી નષ્ટ થતું નથી અને પર્યાવરણને હાનિ પહોંચાડે છે. તેમણે પ્લાસ્ટીકનો વપરાશ ઘટાડીને પ્રકૃતિનું સંરક્ષણ કરવા અપીલ કરી હતી.

વોકાથોનના આરંભ પૂર્વે જિલ્લા રમત ગમત વિકાસ અધિકારી શ્રી રમા મદ્રાએ કલેકટરનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ અવસરે પ્લાસ્ટીકનો વપરાશ ઘટાડીને પયાર્વરણના જતન માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

રેસકોર્સના એથ્લેટિક્સ ગ્રાઉન્ડ ખાતેથી શરૂ થયેલી વોકાથોનમાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાના એથ્લેટિક્સના ખેલાડીઓ, કોચ વગેરે જોડાયા હતા. આ તકે અનેક બાળકોએ વૃક્ષોના પહેરવેશ પહેરીને અનોખું આકર્ષણ જગાવ્યું હતું. આ સાથે વૃક્ષોના જતનનો સંદેશ આપ્યો હતો.

આ તકે જિલ્લા રમત અધિકારી વી.પી. જાડેજા, બેડમિન્ટન સ્ટેટ કોચ આકાશ વડોદરિયા, એથ્લેટિક્સ કોચ રાહુલ કરકી વગેરે જોડાયા હતા.

# અરવિંદભાઈ મણીઆર સ્ટડી સેન્ટર ખાતે ધો. ૧૦ ગુજરાતી માધ્યમના રીપીટર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક બેચનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રેસકોર્ષ ખાતે લોકવિજ્ઞાન કેન્દ્રની બાજુમાં આવેલા શ્રી અરવિંદભાઈ મણીઆર રિસર્ચ સેન્ટર સંચાલિત સ્ટડી સેન્ટરમાં ધોરણ ૧૦માં ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડની ગુજરાતી માધ્યમની પરીક્ષાના રીપીટર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક બેચનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેચ ગત તા. ૨૨/૦૫/૨૦૨૫ને ગુરુવારથી ચાલુ થઈ ગઈ છે, જેનો સમય બપોરે ૦૩ કલાકથી સાંજે ૦૫ કલાકનો છે.

આ બેચમાં જોડાવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ મો. ૯૧૫૭૫ ૬૪૪૪૭ અથવા મો. ૮૫૩૦૪ ૦૩૨૭૨ પર સંપર્ક કરીને નોંધણી કરાવવાની રહેશે, તેમ અરવિંદભાઈ મણીઆર રિસર્ચ સેન્ટરની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લાના અગ્નીવીર ઉમેદવારો માટે નિવાસી તાલીમ વર્ગ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય સૈન્યના ડાયરેકટર આર્મી રિક્રુટમેન્ટ કચેરી-જામનગર દ્વારા ''અગ્નીવીર''માટે લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં પાસ થયેલ રાજકોટ જિલ્લાના ઉમેદવારો માટે ૩૦ દિવસીય નિવાસી તાલીમ વર્ગનુ આયોજન કરાયું છે.

તાલીમમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો દિન -૧૦માં પોતાનું ઉમેદવારી પત્રક ભરી ''અગ્નીવીર''લેખિત કસોટી પાસ કર્યાના આધાર સાથે મદદનીશ નિયામક(રોજગાર) બહુમાળી ભવન રાજકોટને અરજી પહોચતી કરી શકે છે. અરજીફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ, શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ, જાતિના દાખલાની નકલ, ધોરણઃ-૧૦/૧૨ની માર્કશીટની નકલ, આધારકાર્ડની નકલ, બેંકખાતાની પાસબુકની નકલ, પાનકાર્ડની નકલ, અરજી સાથે જોડવાની રહેશે.માન્ય સંખ્યામાં ઉમેદવારોની બેચ થયે આ નિવાસી તાલીમ વર્ગ શરૂ કરવામાં આવશે.

ઉપરાંત, આર્મીને લગત ભવિષ્યમાં થનાર ભરતીમાં સહભાગી થતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. તેઓને અનુક્રમે પ્રાથમિકતા આપી તાલીમ વર્ગોમાં સમાવેશ કરવામાં આવશે.

વધુ વિગત માટે મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી રાજકોટનો રૂબરૂ સંપર્ક કરવો અથવા ટેલીફોન નં.૦૨૮૧-૨૪૪૦૪૧૯ પર સંપર્ક કરવા મદદનીશ નિયામક રોજગાર રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# ઓખા-બનારસ એક્સપ્રેસ કાનપુર સેન્ટ્રલને બદલે ગોવિંદપુરી ખાતે ઉભી રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યાત્રીઓની સુવિધા અને સંચાલન સંબંધિત કારણોને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ટ્રેન નંબર ૨૨૯૬૯/૨૨૯૭૦ ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસના સ્ટોપેજમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. આ ટ્રેન કાનપુર સેન્ટ્રલ રેલવે સ્ટેશનને બદલે ગોવિંદપુરી રેલવે સ્ટેશન પર ઉભી રહેશે. વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૩૧ જુલાઈ, ૨૦૨૫ થી આગામી સૂચના સુધી કાનપુર સેન્ટ્રલને બદલે ગોવિંદપુરી રેલવે સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનનો ગોવિંદપુરી રેલવે સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય ૧૯.૨૦/૧૯.૨૫ વાગ્યાનો રહેશે. ટ્રેન નંબર ૨૨૯૭૦ બનારસ-ઓખા સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨૬ જુલાઈ, ૨૦૨૫ થી આગામી સૂચના સુધી કાનપુર સેન્ટ્રલને બદલે ગોવિંદપુરી રેલવે સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનનો ગોવિંદપુરી રેલવે સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય ૦૩.૨૫/૦૩.૩૦ વાગ્યાનો રહેશે.

આ ઉપરાંત, આ ટ્રેનના આગમન/પ્રસ્થાનના સમય, કોચ કમ્પોઝિશન, સ્ટોપેજ વગેરેમાં અન્ય કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

# ચોમાસા પૂર્વે જ મોરબી જિલ્લામાં ખાતરની અછતથી ખેડૂતો નારાજ

**મુખ્ય સમાચાર, મોરબી**

ચોમાસું નજીક છે અને ખેડૂતો વાવેતરની તૈયારી કરી રહ્યા છે પરંતુ ખેડૂતો માટે અતિ જરૂરી જ નહિ અનિવાર્ય ઉઅઙ ખાતરની અછત સર્જાઈ છે ખાતર મળતું જ નથી અને યુરીયા ખાતર સાથે ફરજીયાત એમોનીયા ખાતર ખેડૂતોને પધરાવી દેવામાં આવી રહ્યું છે જેનાથી નારાજગી જોવા મળી રહી છે ખાતરની અછત અંગે ખેડૂતો વ્યથા ઠાલવી રહ્યા છે તો કૃભકો ડીરેક્ટર પણ ખાતરની અછત હોવાનો સ્વીકાર કરી રહ્યા છે.

મોરબીના ખેડૂતો ખાતરની અછતથી પરેશાન છે સરકાર ઉઅઙ ખાતરનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરાવી રહી નથી હાલ ખેડૂતો વાવેતર માટે તૈયારી કરી રહ્યા છે પરંતુ પાયામાં જરૂરી ખાતર જ મળતું નથી તો ખેડૂતો ક્યાં જાય. ઉઅઙ ખાતર નથી તેની બદલે યુરીયા ખાતર આપવામાં આવે છે અને યુરીયા સાથે એમોનીયા ફરજીયાત પકડાવી રહ્યા છે ૧૦ ગુણીઓ સાથે ૦૨ ગુણીઓ ધરાર આપતા હોવાથી ખેડૂતો નારાજ છે કેન્દ્ર સરકારે ખાતર આયાત કર્યું ના હોવાથી અછત સર્જાઈ છે ૧૦૫ ધારાસભ્ય ખેડૂતના છે તો કોઈ સરકારમાં રજૂઆત કેમ કરતા નથી તેમ પણ ખેડૂતોએ જણાવ્યું હતું.

ખાતરની અછતનો સ્વીકાર કૃભકો ડીરેક્ટર મગનભાઈ વડાવીયાએ પણ કર્યો હતો તેઓએ જણાવ્યું હતું કે માત્ર મોરબી જીલ્લો નહિ સમગ્ર ગુજરાતમાં ઉઅઙ ખાતરની અછત છે દેશમાં જરૂરતનું માત્ર ૧૫ થી ૨૦ ટકા ખાતર બને છે બાકી ૮૦ ટકા આયાત કરવામાં આવે છે આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ વધી રહ્યા છે અને આયાત ના થતા અછત પેદા થઇ છે વળી ખેડૂતોને યુરીયા સાથે ના જોઈતું ખાતર પધરાવી દેવામાં આવે છે જે યોગ્ય નથી જે અંગે સીએમ અને પીએમને માધ્યમો થકી રજૂઆત કરે છે અને ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ઉઅઙ ખાતર મળી રહે તેવી વ્યવસ્થાની માંગ કરી છે.

# મોરબીના ખાનપર ગામેથી ૪.૩૬ લાખનું અનાજ કબજે



**મુખ્ય સમાચાર, મોરબી**

ખાનપર ગામમાં ગ્રામ્ય મામલતદારની ટીમે રેડ કરી હતી અને મકાનમાંથી સરકારી અનાજનો જથ્થો મળી આવતા ટીમે ૩૦૭૧ કિલો ઘઉં અને ૨૭૦ કિલો ચોખા તેમજ વાહનો મળીને કુલ રૂ.૪.૩૬ લાખનો મુદામાલ કબજે લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી ગ્રામ્ય મામલતદાર દ્વારા ખાનપર ગામમાં આવેલ ઘરમાં રેડ કરવામાં આવી હતી ઘરમાંથી સરકારી અનાજનો જથ્થો મળી આવ્યો હતો ઘરમાંથી મામલતદાર ટીમે ૩૦૭૧ કિલો ઘઉં અને ૨૭૦ કિલો ચોખાનો જથ્થો જપ્ત કર્યો હતો અને સરકારી અનાજ તેમજ બે વાહનો એમ કુલ રૂ.૪ લાખ ૩૬ હજારનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે મોરબી જીલ્લામાં છાશવારે સરકારી અનાજનો જથ્થો મળી આવતો હોય છે અને ખાનપર ગામેથી સરકારી અનાજનો જથ્થો મળી આવતા ટીમે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રાની સતત પાંચમી વખત રેલ્વેની ZRUCC ના સભ્ય તરીકે બિનહરીફ નિમણુંક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વેસ્ટર્ન રેલ્વે, રાજકોટ ડીવીઝનની, ડીવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટીવ કમિટિ-DRUCC ની તા.૨૯-૫-૨૦૨૫ ના રોજ ડિવીઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમાર તથા સિ. ડિવીઝનલ કોમર્શીયલ મેનેજર સુનિલકુમાર મિનાની અધ્યક્ષતામાં મિટીંગ યોજવામાં આવેલ હતી. આ મિટિ સભ્યોમાંથી સૌરાષ્ટ્ર લેવલે એક સભ્યનું નામ ZRUCC ના સભ્ય તરીકે મોકલવાનું હોય રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા સિવાય અન્ય કોઈ સભ્યએ ઉમેદવારી નોંધાવેલ ન હોવાથી પાર્થભાઈ ગણાત્રાની સતત પાંચમી વખત ઝોનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટિ (ZRUCC) સભ્ય તરીકે બિનહરીફ નિમણુંક થયેલ છે. જે માટે તેઓને ચારે બાજુથી શુભેચ્છાઓ મળી રહી છે.

પાર્થભાઈ ગણાત્રા વર્ષ ૨૦૧૩ થી રેલ્વે કમિટિ સાથે સંકળાયેલ છે. તેમજ અગાઉ પણ આ પોસ્ટ ઉપરરહી તેઓએ રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફ રોને રેલવે સુવિધામાં પડતી મુશ્કેલી અને તેના નિરાકરણ માટે રેલ્વેમંત્રી, જનરલ મેનેજર તથા ડિવીઝનલ રેલ્વે મેનેજર સમક્ષ વિવિધ રજૂઆતો કરી મહદઅંશે સફળતા પણ મેળવેલ છે. આમ રેલ્વેને લગતા કોઈપણ પ્રશ્નો-સુચનો હોય તો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને મોકલી આપવા અખબારી યાદીમાં જણાવેલ છે.

# કેન્દ્ર દ્વારા ખરીફ પાકને ટેકાના ભાવથી ખરીદવાની જાહેરાતને આવકારતા પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે પ્રધાનમંત્ર નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે. ખેડૂતોને આર્થિક સુરક્ષા આપવા તેમજ તેમની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવમાં ગત વર્ષની સરખામણીએ રૂ.૬૯થી રૂ.૫૯૬ પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્યમાં મગફળી, કપાસ, ડાંગર, જુવાર, બાજરી, રાગી, મકાઈ, તુવેર, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોના વાવેતરની શરૂઆત થાય તે પહેલાં જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરાતા ખેડૂતો હવે પોતાના પાકને મળનારા લઘુત્તમ ભાવને ધ્યાને રાખી વાવેતર કરી શકશે.

વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, માન.યશસ્વી નરેન્દ્રભાઈ મોદીજીની કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે સમયાંતરે ખેડૂતોના પાકને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે થઇ વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ ખરીફ પાકોની ખરીદી માટે ટેકાના ભાવો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં, વર્ષ ૨૦૨૫-૨૬માં ટેકાના ભાવની પોલીસી અંતર્ગત સમાવિષ્ટ મગફળી પાક માટે રૂ.૭૨૬૩ પ્રતિ ક્વિ., કપાસ (લંબતારી) માટે રૂ.૮૧૧૦ પ્રતિ ક્વિ., ડાંગર માટે રૂ. ૨૩૬૯ પ્રતિ ક્વિ., જુવાર માટે રૂ. ૩૬૯૯ પ્રતિ ક્વિ., બાજરી માટે રૂ. ૨૭૭૫ પ્રતિ ક્વિ., રાગી માટે રૂ. ૪૮૮૬ પ્રતિ ક્વિ., મકાઈ માટે રૂ.૨૪૦૦ પ્રતિ ક્વિ., તુવેર માટે રૂ. ૮૦૦૦ પ્રતિ ક્વિ., મગ માટે રૂ. ૮૭૬૮ પ્રતિ ક્વિ., અડદ માટે રૂ. ૭૮૦૦ પ્રતિ ક્વિ., સોયાબીન માટે રૂ. ૫૩૨૮ પ્રતિ ક્વિ. તેમજ તલ પાક માટે રૂ. ૯૮૪૬ પ્રતિ ક્વિ. ભાવ જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બાજરાના ટેકાના ભાવમાં ૬૩ ટકા, તુવેરના ટેકાના ભાવમાં ૫૯ ટકા, અડદના ટેકાના ભાવમાં ૫૩ ટકા, મકાઈના ભાવમાં ૫૯ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છ

કેન્દ્ર સરકાર દ્વારા ખેત જણસીઓ માટે ખૂબ જ ટૂંકા ગાળામાં ટેકાના ભાવોની જાહેરાત કરવા બદલ તેમજ ખરીફ પાકોના ટેકાના ભાવમાં યોગ્ય વધારો કરવા બદલ ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણનો આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત ખેડૂતોના હિત માટે સતત માર્ગદર્શન આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પણ તેમણે આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાત યોગ બોર્ડ દ્વારા રણછોડદાસ બાપુ કોમ્યુનિટી હોલ ખાતે બાળકો માટે યોગ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલ ગુજરાત યોગ દ્વારા સમગ્ર રાજયમાં બાળકો માટે યોગ સમર કેમ્પ યોજાઇ રહ્યો છે. જેમાં હજારો બાળકો ભાગ લઈ રહ્યા છે.

શહેરના રણછોડદાસ બાપુ કોમ્યુનિટી ખાતે શ્રદ્ધાબેન ગોસાઈ અને રેખાબેન કુંડલીયા દ્વારા આવાજ યોગ કેમ્પનું સંચાલન થઇ રહ્યું છે. જેમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા ઇન યોગમાં સેવા આપનાર શ્રીરામ યોગ કેન્દ્ર ચલાવનાર મહેન્દ્રભાઈ ત્રિવેદી ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા અને બાળકોને બોલપેન ને ગિફ્ટ પણ આપી તથા બાળકોમાં સુંદર સંસ્કારો નો સિંચન થાય એવા હેતુથી માતા પિતાનું માન જાળવવું પ્રણામ કરવા ગુરુ વિશે જ્ઞાન અને શુદ્ધ પૌષ્ટિક આહાર મોબાઈલથી દૂર રહેવું તથા યોગ પ્રાણાયામ આસનો વિશે સમજ આપી હતી. આ સિવાય યોગ શિક્ષક જગદીશભાઈ ભાલારા એ પણ મુદ્રા અને



હાસ્ય થેરાપી વિશે સમજ આપી હતી. મહેમાનોએ આ યોગ કેમ્પના સુંદર સંચાલન કરવા બદલ શ્રદ્ધાબેન ગોસાઈ અને રેખાબેન કુંડલીયાને અભિનંદન પાઠવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કાલાવડના મોટા વડાળામાં વેચાતા દારૂ અંગે ફરીયાદ કરનાર ગ્રા.પં.ના સભ્ય પર હિચકારો હુમલો



## જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદઃ હુમલાખોરની સરભરા કરતી પોલીસ

**મુખ્ય સમાચાર, કાલાવડ**

કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામે ગ્રામ પંચાયત ના સભ્યો દ્વારા ગામ માં બેફામ દારૂ વહેચાય છે તેમજ ગામ માં દારૂડિયા બેફામ બન્યા છે રજૂઆત જામનગર એસ. પી. અને ગાંધીનગર ગૃહ મંત્રાલયમાં પણ લેખિત માં રજૂઆત કરી હતી જે અનુસંધાને કાલાવડ ગ્રામ્ય પોલીસ દ્વારા સઘન ચેકીંગ તેમજ પેટ્રોલિંગ વધારી ગામમાં શંકાના આધારે વધુ તપાસ હાથ ધરી યોગ્ય પોલીસ કાર્યવાહી હાથ ધરી હતી.જે બાબત થી અમુક ઇસમો નારાજ થતા ગામ ના પંચાયતના સભ્યોને જાહેર માં માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો વકર્યો અને પોલીસ સ્ટેશન સુધી પહોચતા પોલીસ દ્વારા ગુન્હો નોંધી આરોપી ની સરભરા કરી જેલ હવાલે કરવામાં આવ્યો.

મોટા વડાળા ગામ ના ઈકબાલ ઉર્ફે રાજુ મોગલ તથા એમના સાગરીતો - સાથે અનેક વખત ફરીયાદીને કહેલ કે તુ કેમ આપણા ગામના જીતેશ તથા તપુજ સાથે ફરે છે. તેમ કહીને ફરીયાદીને આ કામેના આરોપીએ ફરીયાદી ને કહેલ કે તુ કેમ મારી ઓફીસે પોલીસ ને મોકલશ તેમ કહીને ફરીયાદીને મોઢાંના નાકના ભાગે ઢીકો મારતા ફરીયાદી નીચે પડી જતા બાદમા આરોપીએ ફરીયાદીને શરીરે જેમ- ફાવે તેમ ઢીકા પાટુનો માર મારી અને શરીરે મુંઢ-ઈજા કરીને જાનથી મારી નાખવાની ધમકી આપતા ગુન્હો નોધાયો હતો

આ અંગે ની મળતી વિગતો અનુસાર જીતેશભાઇ ઉર્ફે પ્રફુલ ધીરજભાઈ વાધેલા પોતાના પરીવારના સાથે સુરત થી મોટા વડાળા પોતાના ઘરે સવાર માં પરત આવેલ અને પોતાના પરીવારને મુકીને ગામની બજારમા ગયા. ત્યારે મોટા વડાળા ગામની પંચાયત કચેરી ખાતે પ્રફુલ ધીરજભાઈ વાધેલા ગયા. તે વખતે ગ્રામ પંચાયતે ખાતે મેહુલભાઈ જમનભાઈ વાડોદરીયા તથા ગ્રામપંચાયત ના વી.સી. કીશનભાઈ અશોકભાઈ કોટડીયા તથા ઇકબાલ ઉર્ફે રાજુ નુર મામદભાઈ મોગલ વાળા એમ બધા ત્યાં હાજર હતા.. અને તે વખતે આ ઇકબાલ ઉર્ફે રાજુ મોગલ તે પ્રફુલ ધીરજભાઈ વાધેલા ને કહેવા લાગ્યો કે તુ જીતેશભાઈ ભીમાભાઈ વિકેવા છે જેથી તેને પ્રફુલ વાઘેલા એ કહેલ બંને મારા મીત્ર છે જેથી હુ તેની સાથે હોવ છુ જેથી આ ઇકબાલ ઉર્ફે રાજુ મોગલ તે ઉશકેરાઈ ગયો અને ભૂંડી ગાળો બોલવા લાગ્યો..અને પ્રફુલ ધીરજભાઈ વાધેલાને કહેલ કે મારી ઓફીસે પોલીસ આવે જ નહીં તુ કેમ મારી ઓફીસે પોલીસ ને રેડ કરવા માટે મોકલે છે. જેથી પ્રફુલ ધીરજભાઈ વાધેલા જણાવ્યું કે ઇકબાલ ઉર્ફે રાજુ મોગલ ને કહેલ કે ભાઈ હુ તારી ઓફીસે કોઈ પોલીસને મોકલતો નથી. જેથી આ ઇકબાલ ઉર્ફે રાજુ મોગલ ઉશ્કેરાઈ ને પ્રફુલ ધીરજભાઈ વાધેલાના મોઢા ના અને નાકના ભાગે ઢીકો મારતા પ્રફુલ ધીરજભાઈ વાધેલા નીચે પડી ગયેલ તે વખતે આ ઇકબાલ ઉર્ફે રાજુ મોગલ મનફાવે તેમ શરીર ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતો અને તે વખતે ત્યાં હાજર મેહુલભાઈ વચ્ચે પડીને પ્રફુલ ને છોડાવેલ હતો અને આ ઇકબાલ ઉર્ફે રાજુ મોગલ એ જતા જતા પ્રફુલ વાધેલા ને કહેલ કે જો હવે પછી જો તે કોઈ પોલીસને મારી ઓફીસે મોકલી તો તને જીવતો નહી રહેવા દવ એમ કહીને પ્રફુલ ને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી અને બાદમા પ્રફુલે ફોન માંથી જીતેશભાઈ ભીમાભાઈ ખટાણા તથા નિકુજભાઈ કોટડીયા ને ફોન કરીને ગ્રામપંચાયત ની ઓફીસે બોલાવેલ હતા અને બાદમાં આ બનાવની જાણ કરેલ હતી અને બાદમા આ પીયુષભાઈ જયંતીભાઈ કોટડીયા તથા જીતેશભાઈ ભીમાભાઈ ખટાણા તથા ભાર્ગવભાઈ મનસુખભાઈ મેનપરા એમ બધા એ આ ઇકબાલ ઉર્ફે રાજુ મોગલ એ પ્રફુલ વાઘેલા ને શરીર માર મારેલ હોય અને જેનો પ્રફુલ વાઘેલા ને બહુ દુખાવો થતો હોય જેથી પ્રફુલ વાઘેલા ને ખાનગી વાહનમાં કાલાવડ સરકારી હોસ્પીટલ ખાતે સારવાર અર્થે લાવેલ હતા અને બાદમા પ્રફુલ વાઘેલા ની સારવાર થઈ જતા ઉપરોક ઉપરોક્ત બધા કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેસન ખાતે આવીને મોટા વડાળા ગામના ઇકબાલ ઉર્ફે રાજુ નુરમામદભાઈ મોગલ વાળા વિરૂધ્ધમા ગ્રામ્ય પોલીસ માં ફરીયાદ કરવામાં આવી. જેની ફરિયાદ ના અનુસંધાને રાજુ મોગલ ની તાત્કાલિક ધરપકડ કરી સરભરા કરી ધોરણસરની પોલીસ કાર્યવાહી હાથ ધરવામાં આવી. જે બાબતથી મોટા વડાળા ગામમાં સોંપો પડી જવા પામ્યો હતો અને પ્રફુલ વાઘેલાને ઘરે મોકલી પોલીસ પ્રોટેકશન પણ આપવામાં આવ્યું હતું.

# પોલીસને પડકાર ફેંકતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા : જાહેરમાં છેડતી

### સરદારનગરથી એસ્ટ્રોન નાળા સુધી પીછો કરી કાર આડી નાખી શખ્સે યુવતીના વાળ ખેંચ્યાઃ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં થયો વાયરલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બહેન-દીકરીઓ અસલામત હોય તેમ જાહેરમાં છેડતી થયાના અનેક બનાવો બન્યા છે.ત્યારે વધુ એક યુવતિની સરદારનગરથી, એસ્ટ્રોન નાળા સુધી પીછો કરી કાર આડી નાખી શખસે યુવતિના વાળ ખેચી છેડતી કરી હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે.

ગુરૂવારે એક સ્કુટર પર જતા યુવક-યુવતિનો કાળા કલરની સ્કોર્પિયો ચાલકે સરદારનગરથી, એસ્ટ્રોન નાળા સુધી ફિલ્મી ઢબે પીછો કરી બે વાર કાર આડી નાખી શખસે યુવતિના વાળ ખેચ્યા હતા.જો કે સમગ્ર ઘટનાનો યુવતિએ વિડિયો ઉતારી લીધો હતો.જે હાલ વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. બનાવ અંગે પોલીસે પણ વિડીયો આધારે કાર ચાલક નબીરાની શોધખોળ હાથ ધરી છે.

# બેંકના અધિકારીની ઓળખ આપી ગઠિયાએ વેપારીને ૮૫ હજારનો ધુમ્બો માર્યો

## ક્રેડીટ કાર્ડની એપ અપડેટ કરવાનું કહી વોટસએપમાં મોકલેલી લીંક ખોલતા રૂપિયા ઉપડી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માં ફર્નિચરના ધંધાર્થીને સાયબર ગઠીયાએ ફોન કરી આરબીએલ બેંકના અધિકારીની ખોટી ઓળખ આપી ક્રેડીટ કાર્ડની એપ અપડેટ કરવાનું કહી વોટસએપમાં લીંક મોકલી હતી. જેથી ધંધાર્થીએ વોટસએપમાં આવેલી લીંક ખોલતા જ તેના ખાતામાંથી રૂા.૮૫ હજાર ઉપડી ગયા હતાં. સાયબર છેતરપીંડી અંગે ફર્નિચરના ધંધાર્થીએ ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, સદ્ભાવના રેસીડન્સી શેરી નં.૧માં રહેતા અને ફર્નિચરનુંકામ કરતાં સંજયભાઈ મહેશભાઈ વડગામા (ઉ.૩૬) એ ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ આરબીએલ બેંકનું ક્રેડીટ કાર્ડ વાપરતાં હોય દરમિયાન ગત તા.૧૨-૨-૨૦૨૫ના સાંજે તેઓ આહીર ચોક પાસે આવેલ પાનની દુકાને બેઠા હતાં ત્યારે તેના મોબાઈલમાં અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને સામેની વ્યક્તિએ 'હું આરબીએલ ક્રેડીટ કાર્ડમાંથી બોલું છું, તમારી આરબીએલની એપ્લકિશન અપડેટ કરવાની છે, તમને વોટસએપમાં લીંક ફાઈલ મોકલી છે તેમ કહેતા સંજયભાઈએ તેના મોબાઈલમાં વોટસએપમાં આવેલી એપ્લીકેશન લીંક ફાઈલ ખોલતાં તુરંત જ તેના એકાઉન્ટમાંથી રૂા.૮૨,૯૧૧ અને રૂ.૧૬૪૭ ડેબીટ થવા અંગેનો મેસેજ આવેલો જેથી તેમણે તેના મોબાઈલમાં આરબીએલની એપ્લીકેશનમાં જતાં એમેઝોન મુંબઈમાં રૂ.૮૨,૯૧૧ અને ગોરેગાંવ મોબીક્વિક સીસ્ટમમાં રૂા.૧૬૪૭ ટ્રાન્સફર થયા અંગેનું દેખાડતાં હોય જેથી તેઓ આજી ડેમ પોલીસ સ્ટેશન ખાતે દોડી ગયા હતાં. પરંતુ આ વિસ્તાર ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતાં હોય જેથી તેમણે મોબાઈલમાંથી સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ફોન કરી સાયબર છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે તેમની લેખિત ફરિયાદ નોંધી પોલીસે સાયબર છેતરપીંડી આચરનાર ગઠીયાઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રૈયાધારમાં પતિએ દારૂના નશામાં પત્નીને ઢોર માર માર્યો

### જુદા જુદા પાંચ સ્થળે સગીરા સહિત પાંચ લોકોએ જવલનશીલ પ્રવાહી પી લીધુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર વિસ્તારમા આવેલા સ્વસ્લમ કવાર્ટરમાં રહેતી પરણીતાને તેના પતિએ દારૂનાં નશામા માર માર્યો હતો. પરણીતાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવી હતી. રૈયાધારમાં આવેલા સ્વસ્લમ કવાર્ટરમાં રહેતી કનુબેન કાળુભાઈ પરમાર નામની ૩૫ વર્ષની પરીણતા બપોરનાં સમયે પોતાનાં ઘરે હતી ત્યારે તેના પતિ કાળુ પરમારે દારૂનાં નશામા ઝઘડો કરી માર માર્યો હતો. પરીણીતાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામા આવી હતી. આ ઉપરાંત અન્ય બનાવમા જુદા જુદા પાંચ સ્થળે સગીરા સહિત પાંચ લોકોએ જવલનશીલ પ્રવાહી પી લીધુ હતુ જેમા નવા થોરાળાનાં કિખાબેન જેન્તીભાઈ સોંદરવા નામની ૧૭વર્ષની સગીરાએ ફીનાઈલ, જંગલેશ્વરમાં કૌશર યુનુસભાઈ ધોણીયા (ઉ.વ. ૧૯) નામની યુવતીએ ઝેરી પાવડર, જામનગર રોડ હુડકો કવાર્ટરમાં મુમતાઝબેન મહંમદ હનીફ ખીયાણી (ઉ.વ. ૬૫) એ ઘેનની ગોળીઓ, કોઠારીયા સોલવન્ટ ૨૫ વારીયામા પાયલબેન સોહીલભાઈ સોલંકી નામની ૨૧ વર્ષની પરીણીતાએ ફીનાઈલ અને જંગલેશ્વરમા ફરીનબેન મુસ્તુફાખાન નામની ૩૦ વર્ષની પરીણીતાએ કપડામાં નાખવાની ગોળીઓ પી લીધી હતી.

પાંચેયને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડાયા હતા. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી યુવતી અને શિક્ષક ઉપર ચાલુ કલાસમાં હુમલો

## સગપણની ના પાડયાનો ખાર રાખી મામાના દીકરા સહિત ૪ શખ્સો ધસી માર મારી ધમકી આપ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા વિસ્તારમાં રહેતી અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી યુવતી સર્ટમાં ચાલતા પરીક્ષાની તૈયારીના કલાસીસમાં હતી ત્યારે તેના કૌટુંબીક મામાના દિકરા સહિત ચાર શખ્સોએ ધસી આવી યુવતી અને તેના કલાસીસ શિક્ષકને માર મારી યુવતીને જાનથી મારી નાખવાની અને ફોટા વાયરલ કરી નાખવાની ધમકી આપી હતી. સગપણનીના પાડયાનો ખાર રાખી હુમલો કરી માર માર્યા અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, થોરાળા વિસ્તારમાં આવેલી વિજયનગર સોસાયટી શેરી નં.૩માં રહેતી પ્રિતી જગદીશભાઈ ખીમસુરીયા (ઉ.૧૯) નામની યુવતીએ એ-ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના કૌટુંબીક મામાનો દીકરો નાગરાજ દેવજીભાઈ વઘેરા, યુવરાજ, સાહીલ અને નાગરાજના મિત્રનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેણી હાલમાં બી.કોમનો અભ્યાસ કરતી હોય અને સાથે બસપોર્ટમાં ત્રીજા માળે આવેલી સત્યમેવ જયતે એકેડમીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. ગઈકાલે સવારે તેણી ઉપરોકત એકેડમી ખાતે હતી અને તેના કલાસીસના સર દીપ ઓડેદરા સાથે લોબીમાં ઉભી હતી ત્યારે તેના કૌટુંબીક મામાનો દીકરો નાગરાજ ત્યાં ધસી આવ્યો હતો અને તેનો વિડિયો ઉતારવા લાગ્યો હતો જેથી તેના સર દીપ ઓડેદરાએ નાગરાજને વિડિયો ઉતારવાની ના પાડતાં તે તેના સરને માર મારવા લાગેલો અને જપાજપી કરતાં તેણી છોડાવવા જતાં તેને પણ ફડાકો ઝીંકી દીધો હતો અને 'આજે તને મારી નાંખીશ, જીતી ઘરે નહીં જવા દઉં તેમ કહ્યું હતું. બાદમાં અન્ય આરોપીઓએ આવી માર માર્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા મુજબ બે વર્ષ પહેલા નાગરાજ સાથે તેની સગાઈ બાબતનું માગુ નાખેલ હતું પરંતુ પરિવારજનોએ ના પાડી હોય જેનો ખાર રાખી આરોપીઓએ એકેડમી ખાતે ધસી આવી માર માર્યો હતો અને તેણીના ફોટા વાયરલ કરી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે એ ડીવીઝન પોલીસે ચારેય આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લીફટની બાજુમાં રાખેલ કપડા સ્ટેન્ડ હટાવવા અને પુત્રીને હેરાન ન કરવા સમજાવવા જતા પરિણીતા પર હુમલો

### મુંજકા ચોકડી ગુજરાત હાઉસીંગના કવાર્ટરમાં બનેલો બનાવઃયુનિ.પોલીસે દંપતિ સહિત ચાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મંજકા ચોકડી પાસે આવેલા ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાર્ટરમાં રહેતા પાડોશી લીફટ પાસે કપડાનું સ્ટેન્ડ રાખેલ હોય જેથી તે હટાવવા અને પુત્રીને હેરાન કરવા સમજાવવા ગયેલ પરિણીતા પર હુમલો કરી ધમકી આપી હોવાની દંપતિ સહિત ચાર સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મુંજકા ચોકડી પાસે ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાર્ટર નં એચ ૮૦૩માં રહેતા દીનાબેન ઉર્ફે જયોતી જગદીશભાઈ પરમારે યુનિ.પોલીસમાં શીલ્પા, તેનો પીત મહેન્દ્ર, પુત્ર આશીષ એન પુત્રી વ્રુતી સહિતના ચારેય સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ફલેટની લીફટની બાજુમાં પાડોશી શીલ્પા કપડા સુકવવાનું સ્ટેન્ડ રાખેલ હોય જેથી સાસુને આવવા-જવામાં હોવાથી તે લઈ લેવા તેમજ તેનો પુત્ર આશીષ તેણીની પુત્રીને સામુ જોઈ હેરાન કરતો હોય જેથી તેને સમજાવી દેવાનું કહેતા માતા-પુત્રી બન્ને બોલાચાલી કરવા લાગ્યા હતા.દરમ્યાન તેનો પુત્ર આવ્યો અને શું છે તારે કહી બોલાચાલી કરી ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો.દિયર વચ્ચે છોડવવા આવતા તેને પણ મારમાર્યો હતો. તેના પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઘંટેશ્વર ૨૫ વારીયામાં ગૃહકંકાસથી ત્રસ્ત પતિએ પત્નીને છરી હુલાવી દીધી

### મહિલાને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતા મહિલાને તેમના પતિએ છરીના ઘા ઝીંકી દેતા તેઓને ગંભીર હાલતમાં સિવિલ હોસિપટલે ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનામાં મહિલાના બહેને તેમના બનેવી સામે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.વધુ વિગતો મુજબ, સાધુવાસવાણી રોડ સુપર ગોલ્ડન માર્કેટની સામે ક્રિષ્ના પાર્ક શેરી નંબર.૨માં રહેતા હીનાબેન રોહિતભાઈ ચાવડા(ઉ.વ ૩૪)એ ફરિયાદમાં તેમના બનેવી ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતા ઈર્ષાદ ફિરોઝભાઈ કુરેશીનું નામ આપતા તેમની સામે ફરિયાદ નોંધાવી છે. હિનાબેને ફરિયાદમાં જણાવ્યું હતુ કે,હું મારી બહેન સીમરનબહેને



ઈર્શાદભાઈ ફિરોજભાઈ કુરેશી સાથે પ્રેમ લગ્ન કરેલ હોય જેથી તેમને બે દીકરા છે.

ગઈ તા. ૨૮/૦૫ રાત્રિના આશરે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં મારી બહેન સીમરન બેન નો અજણયા ફોનમાંથી ફોન આવેલ અને જણાવેલ કે મને મારા પતિ ઈર્શાદ માર મારે છે જેથી હું મારા બાળકો લઈ દ્વારકાધીશ પેટ્રોલ પંપ પાસે ઉભી રહું છું તું મને તેડી જા જેથી હું મારી બહેન તથા તેના બાળકોને તેડીને મારા ઘરે આવતી રહેલ બાદ મારા બનેવી ઈર્શાદભાઈ મને ફોન કરેલ અને મને ગાળો દેવા લાગેલ અને કહેલ કે તું કેમ સીમરનને લઈ ગઈ છો હું હમણાં ત્યાં આવું છું તેમ કહેવા લાગ્યો જેથી મેં ફોન કાપી નાખેલ બાદ રાત્રીના આ ઈર્ષાદ કુરેશી

મારા ઘરે આવી ઘરનો ડેલો ખખડાવવા લાગેલ અને અમો તથા મારી બહેન અમારા ફળિયામાં જતા અમો બન્નેને જેમ તેમ ગાળો દેવા લાગેલ જેથી અમો તેને ડેલાની બહાર કાઢેલ અને ત્યાં મારી બહેન સાથે ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને હું વચ્ચે પડી છોડાવતી હતી. તે દરમિયાન આ ઈર્શાદભાઈએ છરી કાઢી અચાનક મારી બહેન સીમરન બેનને જમણી બાજુ છાતીના ભાગે છરીનો ઘા મારી દેતા એકદમ લોહી નીકળવા લાગેલા અને આ ઝઘડો ચાલુ હોય જે દરમિયાન મેં ૧૦૦ નંબરમાં ફોન કરી દીધેલ હોય પોલીસની ગાડી આવી ગયેલ અને પોલીસે ૧૦૮ બોલાવી મારી બહેનને અહીં સારવારમાં મોકલી હતી.

# લોધિકાના ઘુડીયા દોમડાગામે જમીનમાં ભાગ માંગી ભત્રીજાએ કાકાને ધમકી આપી કારમાં કરી તોડફોડ

### તને મારી નાંખીશ, તારે પોલીસને જાણ કરવી હોય તો કરી દેજે તેવી ધમકી આપ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધિકાના ઘુડીયા દોમડા ખાતે ચાર એકરની કિંમતી જમીન ધરાવતાં અને રાજકોટમાં નાનામવા મેઈન રોડ લક્ષ્મી સોસાયટીમાં રહેતા અને નિવૃત્ત જીવન ગાળતા છગનભાઈ ખેતાભાઈ બાબરીયા (ઉ.૬૪)એ તેમના ભત્રીજા ગોવિંદ ઠકાળુ ઊં નરસીભાઈ બાબરીયા, પિન્ટુ ઉર્ફે મહેશ બાબરીયા, અજય અને તપાસમાં ખુલે તેઓની સામે ધમકી તેમજ વાહનમાં તોડફોડ કર્યાની ફરિયાદ નોંધાવી છે.

આ ઘટનામાં છગનભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે ગઈકાલે તેઓના ઘરે ભત્રીજા ગોવિંદ બાબ-રીયા, મહેશ નરશી બાબરીયા, સંજય ઉર્ફે ચંદ્રેશ બાબરીયા સહિતનાઓ ઘરે આવ્યા હતાં અને આ સમયે ગોવિંદ ઉર્ફે તુફાને ૨૦૦૬માં ખરીદ કરેલી જમીનમાંથી ભાગ માંગ્યો હતો. આ જમીન જે તે સમયે છગનભાઈ અને તેમના ભાઈ-પિતાના નામે હતી જે જમીન તેઓએ ૨૦૦૬ની સાલમાં વેચાણ કરી અને દોઢ લાખ રૂપિયામાં ખરીદી જમીન પોતાના માલિકીની થઈ ગઈ હતી. આમ છતાં ગોવિંદ ઉર્ફે તુફાન જમીનનો હક્ક હિસ્સો માંગી ધમકી આપતો હોય તેમના વિશ્વ બેટડા સ્ટેશનમાં નોંધાવી હતી. આમ છતાં તા. ૨૭ના આરોપીએ ધમકી આપી કે કાલે ૧૧ વાગ્યે તને મારી નાખીશ, ત્યારે પોલીસને જાણ કરવી હોય તો કરી દેજે.તેમ કહી ઘર નજીક પાર્ક કરેલી કારમાં તોડફોડ અને નુકસાની કરી આરોપી ફરાર થઈ ગયા હતાં.

# રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૧૧ ટ્રેનોના સમયપત્રકમાં આંશિક ફેરફાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોની ગતિમાં વધારોઃ ૧૧ ટ્રેનોના સમયપત્રકમાં આંશિક ફેરફાર કરાયો છે. મુસાફરો ની સુવિધા અને સંચાલનના કારણોસર રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોની ગતિમાં વધારો અને સમય સુધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુંબઈ સેન્ટ્રલ-હાપા દુરન્તો એક્સપ્રેસનો ૩૦.૦૫.૨૦૨૫ થી રાજકોટ સ્ટેશન પર ૦૯.૦૫ ને બદલે ૦૮.૩૫ વાગ્યે પહોંચશે.મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલનો ૩૦.૦૫.૨૦૨૫ થી રાજકોટ સ્ટેશન પર ૦૯.૨૬ ને બદલે ૦૯.૧૦ વાગ્યે પહોંચશે.મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ ૦૧.૦૬.૨૦૨૫ થી રાજકોટ સ્ટેશન પર ૦૮.૪૫ ને બદલે ૦૮.૫૬ વાગ્યે પહોંચશે.

દિલ્હી સરાઈ રોહિલ્લા-રાજકોટ એક્સપ્રેસનો રાજકોટ સહિત કેટલાક સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય ૩૦.૦૫.૨૦૨૫ થી આગામી સૂચના સુધી બદલાઈ ગયો છે. આ ટ્રેન રાજકોટ સ્ટેશન પર ૦૮.૩૫ ને બદલે ૦૭.૫૫ વાગ્યે પહોંચશે. દેહરાદૂન-ઓખા ઉત્તરાંચલ ૦૧.૦૬.૨૦૨૫ થી રાજકોટ સ્ટેશન પર ૦૮.૦૨ ને બદલે ૦૭.૩૨ વાગ્યે પહોંચશે.ઓખા-રામેશ્વરમ ૦૩.૦૬.૨૦૨૫ થી ટ્રેન જામનગર સ્ટેશન પર ૧૧.૧૨ ને બદલે ૧૧.૩૨ વાગ્યે પહોંચશે.

ઓખા-શાલીમાર ૦૧.૦૬.૨૦૨૫ થી આગામી ટ્રેન જામનગર સ્ટેશન પર ૧૧.૧૨ ને બદલે ૧૧.૩૨ વાગ્યે પહોંચશે.પોરબંદર-શાલીમાર ૦૪.૦૬.૨૦૨૫ થી ટ્રેન જામનગર સ્ટેશન પર ૧૧.૧૨ ને બદલે ૧૧.૩૨ વાગ્યે પહોંચશે.ઓખા-દહેરાદૂન ઉત્તરાંચલ સમય ૩૦.૦૫.૨૦૨૫ થી બદલીને ટ્રેન હાપા સ્ટેશન પર ૧૩.૨૭ ને બદલે ૧૩.૧૬ વાગ્યે પહોંચશે. ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલનો ખંભાળિયા સહિત કેટલાક સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય ૩૦.૦૫.૨૦૨૫ થી બદલીને આગામી સૂચના સુધી કરવામાં આવ્યો છે. આ ટ્રેન ખંભાળિયા સ્ટેશન પર ૧૨.૫૪ ને બદલે ૧૨.૫૩ વાગ્યે પહોંચશે.ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસનો દ્વારકા સહિત કેટલાક સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય ૦૫.૦૬.૨૦૨૫ થી બદલીને આગામી સૂચના સુધી કરવામાં આવ્યો છે. આ ટ્રેન દ્વારકા સ્ટેશન પર ૧૪.૩૫ ને બદલે ૧૪.૫૬ વાગ્યે પહોંચશે. ટ્રેનોના સ્ટોપેજ, આગમન/પ્રસ્થાન સમય સહિત અન્ય અપડેટ માહિતી માટે, મુસાફરો કૃપા કરીને WWW.ernuriy. indianqail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અગાસીએ સુતેલી પરિણીતા પર ઉપલેટાના શખ્સે અડપલાં કર્યા

### રૈયા ટેલીફોન એકચેન્જ પાછળ આવેલ સોસાયટીમાં બનેલો બનાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા ટેલીફોન એકસેન્જ પાછળ આવેલ સોસાયટીમાં રહેતી પરિણીતા રાત્રીના પોતાના રહેણાંક મકાનની અગાસી પર સુતી હતી ત્યારે ઉપલેટાના શખસે તેણીના શરીરે સ્પર્શ કરી શારીરિક અડપલા કરતા પરિણીતા નિંદરમાંથી જાગી જઈ દેકારો મચાવતા શખસ નાશી છુટયો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

રૈયા ટેલીફોન એકસેન્જ પાછળ આવેલ સોસાયટીમાં રહેતી ૩૫ વર્ષીય પરિણીતાએ યુનિ.પોલીસમાં ઉપલેટાની શીવ શકિત સોસાયટીમાં રહેતા વૃતિક કનુભાઈ મેવાડા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલ એટલે કે ગત તા.૨૯ના રાત્રીના પરિણીતા પોતાના રહેણાંક મકાનની અગાસી પર સુતી હતી ત્યારે વૃતિકે પરિણીતાના શરીરે સ્પર્શ કરી શારીરિક અડપલા કરતા પરિણીતા નિંદરમાંથી જાગી જઈ દેકારો મચાવતા શખસ નાશી છુટયો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી શખસની શોધખોળ હાથ ધરી છે.

# ભૂકંપ સંશોધન કેન્દ્રમાંથી તસ્કરો ભૂકંપ માપવાનું સાધન ઉઠાવી ગયા

### પોલીસ ફરિયાદ નોંધાઈ; તસ્કરને ઝડપી લેવા ચક્રો ગતિમાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માં ભૂકંપ સંશોધન કેન્દ્રમાંથી ભૂકંપ માપવાનું સાધન તસ્કરો ઉઠાવી જતા ચકચાર મચી જવા પામી છે.

જામનગર રોડ પર ઈશ્વરીયા પાર્કમાં આવેલા ભૂકંપ સંશોધન કેન્દ્રની ઘટના અંગે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ મહેસાણાના વિસનગરમાં રહેતા અને આર્મ મેનેજમેન્ટ સર્વિસ નામની કંપનીમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા બિહારીભાઈ રતીલાલ દરજી (ઉ.વ.૫૩)એ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમની એજન્સીને ઈન્સ્ટિટયુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ ગાંધીનગર તરફથી સમર્ગ ગુજરાતમાં આવેલા ભુકંપ સંશોધન કેન્દ્રના મેન્ટેનેન્સનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

જેથી તેઓ અવાર-નવાર ભુકંપ સંશોધન કેન્દ્રોની વિઝીટ કરતા હોય છે. ગત તા.૪-૩ના રોજ તેઓ ટીમ સાથે રાજકોટમાં ઈશ્વરીયા પાર્કમાં આવેલા ભૂકંપ સંશોધન કેન્દ્ર ખાતે નવા સાધનો લગાડવાના હોવાથી આવ્યા હતા અને નવા સાધનો લગાડી જૂના સાધનો ત્યા જ રાખી દીધા હતા. આ કેન્દ્રમાં ચોકીદાર પણ છે. બાદમાં તા.૫-૫ના ફરી રાજકોટ નિરીક્ષણ કરવા આવ્યા ત્યારે અગાઉ જે જૂના સાધનો મૂક્યા હતા. તેમાંથી ભૂકંપ માપવાનું સાધન (કિં.૧૧૪૬૧) મળી આવ્યું ન હતું. જેથી ચોકીદારને પૂછતા તેણે પણ કોઈ માહિતી ન હોવાનું જણાવ્યું હતું. આમ કોઈ અજાણ્યા શખ્સો ભૂકંપ કેન્દ્રમાંથી ભૂકંપ માપવાનું સાધન ચોરી કરી ગયા હોય જે અંગે પોલીસમાં ઈ-અરજી કરી હતી. જેના આધારે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.